


ટોકયો ઓલિમ્પિકે દેશનું ગૌરવ વધાર્યું પેજ 24-26

વર્ષ 2 અંક 04

16-31 ઓગસ્ટ, 2021

નિઃશુલ્ક વિતરણ

# ન્યૂ ઈન્ડિયા સમાચાર




# સમાવેશી વિકાસ સર્વાંગી સુરક્ષા

નાણાંકીય સર્વસમાવેશિતા દ્વારા સમાજના છેવાડાના માણસ સુધી સીધી મદદ પહોંચી રહી છે



# "રાષ્ટ્ર પ્રથમ, હંમેશા સર્વપ્રથમના મંત્ર સાથે જ આપણે આગળ વધવાનું છે"

***મન કી બાત દેશના લોકોનાં મનની વાત છે, જેમાં સકારાત્મકતા અને સંવેદનશીલતા છે. તેમાં વડાપ્રધાન સકારાત્મક વાતો કરે છે. એક અભ્યાસ પ્રમાણે 'મન કી બાત' માટે સૂચન કરનારાઓમાંથી 75 ટકા લોકો 35 વર્ષથી નીચેની વયના છે, જે દર્શાવે છે કે ભારતની યુવા શક્તિ મન કી બાતને દિશા આપે છે. વડાપ્રધાને 'ઈન્ડિયા ફર્સ્ટ'ના સંકલ્પ સાથે કારગિલ, આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે દેશનો વિકાસ અને વિવિધતામાં એકતા માટે 'ભારત જોડો'નું આહવાન કર્યું, તો ટોકિયો ઓલિમ્પિક, કૃષિમાં ઈનોવેશન અને દેશવાસીઓના સેવા ભાવ જેવા વિષયો પર 'મનની વાત' કરી. પ્રસ્તુત છે, 'મન કી બાત'ના અંશઃ***

- ભારત જોડો આંદોલનઃ જે રીતે ગાંધીજીના નેતૃત્વમાં 'ભારત છોડો' આંદોલન થયું હતું તે રીતે આજે દરેક દેશવાસીએ 'ભારત જોડો' આંદોલનનું નેતૃત્વ કરવાનું છે. આવો, આપણે બધાં સાથે મળીને સંકલ્પ લઈએ કે દેશ જ આપણી સૌથી મોટી આસ્થા, સૌથી મોટી પ્રાથમિકતા રહેશે. 'નેશન ફર્સ્ટ, ઓલ્વેઝ ફર્સ્ટ'ના મંત્ર સાથે જ આપણે આગળ વધવાનું છે.
- અમૃત મહોત્સવઃ આ વખતે 15 ઓગસ્ટે એક આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રગાનનો મહિમા ગાવાનો આ એક પ્રયાસ છે. આ માટે એક વેબસાઈટ Rashtragaan.in બનાવવામાં આવી છે. આ સાઈટ પર જઈને તમે રાષ્ટ્રગાન રેકોર્ડ કરીને અપલોડ કરી શકો છો.
- ખાદીનું વેચાણ વધ્યુંઃ ખાદીની ચીજો ખરીદવી એ દેશની સેવા બરાબર છે. તમારા પ્રયાસોને કારણે જ ખાદીનું વેચાણ અનેક ગણું વધ્યું છે. આ ક્ષેત્રમાં લાખો મહિલાઓ, વણકરો અને શિલ્પી જોડાયેલા છે. તમારી ખરીદીથી વણકરોમાં નવી આશા જાગશે.
- કારગિલ યુદ્ધઃ કારગિલ યુધ્ધ ભારતની સેનાઓના શૌર્ય અને સંયમનું પ્રતીક છે. તમે કારગિલની સાહસભરી કથા ચોક્કસ વાંચજો અને વીરોને નમન કરજો.
- ટોકિયો ઓલિમ્પિકઃ ભારતીય ખેલાડીઓને તિરંગો લઈને ચાલતા જોઈને માત્ર હું જ નહીં, સમગ્ર દેશ રોમાંચિત થઈ ગયો હતો. આ ખેલાડીઓ જીવનના અનેક પડકારોનો સામનો કરીને અહીં સુધી પહોંચ્યા છે.
- કૃષિમાં ઈનોવેશનઃ કૃષિ ક્ષેત્રમાં ઈનોવેશનથી ખેતીની બાય-પ્રોડક્ટ્સમાં પણ રચનાત્મકતા જોવા મળી રહી છે. ત્રિપુરાના ઉનાકોટીના બિક્રમજીત ચકમાએ બોરની ખેતી કરીને ફાયદો મેળવ્યો અને હવે બીજાઓને પણ પ્રેરિત કરી રહ્યા છે. યુપીના લખીમપુર ખીરીમાં મહિલાઓને કોવિડ સમય દરમિયાન કેળાની છાલમાંથી ફાઈબર બનાવવાની તાલીમ આપવાની અનોખી પહેલ કરવામાં આવી. સાઈ પ્રણિત સોફ્ટવેર એન્જિનિયર છે, જે વેધર સાયન્સ અંગેના પણ જાણકાર હોવાથી ખેડૂતોને મદદ કરી રહ્યા છે. તમે જોયું હશે કે, જ્યારે કંઈક નવું થાય છે ત્યારે તેનુ પરિણામ દરેકને આશ્ચર્યચકિત કરી દે છે. મણિપુરના ઉકરુલ જિલ્લામાં આજકાલ સફરજનની ખેતી મોટા પાયે થઈ રહી છે.
- લોક ભાગીદારીથી જળ સંરક્ષણઃ પાણીનાં એક એક ટીપાંની બચત કરવી આપણા સંસ્કાર રહ્યા છે. પાણીનો કોઈ પણ પ્રકારનો બગાડ રોકવો આપણા જીવનનો અભિન્ન હિસ્સો હોવો જોઈએ. વરસાદનું પાણી જે આપણને મળી રહ્યું છે તે આપણી ભાવિ પેઢી માટે છે, એ આપણે ક્યારેય ભૂલવું ન જોઈએ.
- સેવા ભાવઃ સમાજની ભલાઈ માટે પૈસા કરતા વધુ જરૂરી સેવા ભાવ છે. આપણે નિયમિત કામ, વ્યવસાય કે નોકરી કરતા કરતા સેવા કરી શકીએ છીએ. રાધિકા શાસ્ત્રી કુન્નુરમાં એક કેફે ચલાવે છે. તેમણે પોતાના કેફેના સહયોગીઓ સાથે મળીને Ambrux માટે ભંડોળ એકત્ર કર્યું. આજે નીલગિરીના પહાડોમાં ઓક્સિજન સિલિન્ડર, ફર્સ્ટ એઈડ બોક્સ વગેરેથી સજ્જ 6 Ambrux સેવા કાર્યરત છે.
  - ચંદીગઢના સેક્ટર 29ના સંજય રાણા પોતાની સાઈકલ પર ફુડ સ્ટોલ ચલાવે છે અને કોવિડ રસી લગાવનારને મફતમાં છોલે-ભટૂરે ખવડાવે છે. ઓડિશાના સંબલપુર જિલ્લાના ઈસાક મુંડાએ માર્ચ 2020માં યુટ્યુબર તરીકે રાજ્યની જાણીતી વાનગી પાખલ અંગેનો વિડિયો પોસ્ટ કર્યો હતો. તેમના વિડિયો દ્વારા શહેરીજનોને ગામડાની જીવનશૈલી જોવા મળે છે.

મન કી બાત સંપૂર્ણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**

**વર્ષ 2 ,અંકઃ 04 | 16-31 ઓગસ્ટ, 2021**

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), કોટેરુ શ્રાવણી (તેલુગુ), નદીમ અહેમદ (ઉર્દૂ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ**અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

RNI No. :
DELGUJ/2020/78810

## અંદરના પાને..

# તમારા અધિકાર... તમારા આંગણે



કવર સ્ટોરી | જનધન, આધાર અને મોબાઈલ દ્વારા નાણાંકીય સર્વસમાવેશિતા દ્વારા છેવાડાના માનવીને સીધો ફાયદો પહોંચાડવામાં આવ્યો | પેજ 12-22



**હોકીના જાદુગર**
વૈશ્વિક સ્તરે હોકીમાં ભારતનું નામ ઉજળું કરનાર હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદના જન્મદિવસે વિશેષ | પેજ 27

## આધાત્મિક નગરી કાશીમાં વિકાસની ગતિ ઝડપી



વારાણસીને રૂદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર સહિત રૂ. 1,500 કરોડથી વધુનાં પ્રોજેક્ટ્સની ભેટ | પેજ 6-8

**સમાચાર સાર**
પેજ 4-5

**કૌશલ્ય વિકાસઃ આત્મનિર્ભર ભારતનો પાયો**
કરોડો યુવાનોનું સપનું સ્કિલ ઈન્ડિયા મિશને સાકાર કર્યું પેજ 9

**વડાપ્રધાને ગુજરાતમાં વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું**
ગાંધીનગરમાં વિશ્વસ્તરીય રેલવે સ્ટેશનનો પ્રારંભ પેજ 10-11

**આત્મનિર્ભરતા તરફ ભારતની આગેકૂચ**
કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણયો પેજ 23

**ઓલિમ્પિકમાં ભારતની આન-બાન-શાન**
ટોક્યો ઓલિમ્પિકમાં નીરજ ચોપડાએ સુવર્ણચંદ્રક અપાવી ભારતનું ગૌરવ વધાર્યું પેજ 24-26

**હાથ પર રસી મૂકાવીને બનો 'બાહુબલી'**
કોવિડ સામેની લડાઈમાં આગળ વધી રહેલું ભારત પેજ 28-30

**વ્યાવહારિક શિક્ષણ તરફ આગળ વધતો દેશ**
નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું એક વર્ષ પેજ 30-31

**માનવતા અને પર્યાવરણ માટે સમર્પિત..**
બદલાતું ભારત... પેજ 36



**સ્વતંત્રતા ચળવળના પ્રેરણાસ્ત્રોત**
આઝાદી કા અમૃત મહોત્સવમાં કેપ્ટન રામ સિંહ, રાજગુરૂ, કન્હાઈ લાલ દત્તા અને અરવિંદ ઘોષની બલિદાન ગાથા પેજ 32-35

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર,

ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવાનું પરિણામ ટોકયો ઓલિમ્પિકમાં જોવા મળ્યું. રમતગમતના મહાકુંભમાં નીરજ ચોપડાએ ભારતને એથ્લેટિક્સમાં પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો. ટોક્યો ઓલિમ્પિકમાં સાત મેડલ જીતીને ભારતે અત્યાર સુધીનો શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. ગામડાં અને શહેરોમાં મુશ્કેલ સ્થિતિમાં માર્ગ બનાવીને રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરનારા ખેલાડીઓ ભારતનું ગૌરવ બની રહ્યા છે. કેન્દ્ર સરકાર ખેલાડીઓને આગળ આવવા માટે સકારાત્મક વાતાવરણ પૂરું પાડીને પ્રોત્સાહન આપી રહી છે. મેડલની યાદીમાં વિશ્વના ટોચના 10 દેશોની શ્રેણીમાં સ્થાન મેળવવા માટે ભારતની નજર 2028ના લોસ એન્જલસ ઓલિમ્પિક પર છે. તેને ધ્યાનમાં રાખીને તમામ તૈયારીઓ થઈ રહી છે. આપણે બધાં જાણીએ છીએ કે ખેલાડીઓ બે-ચાર વર્ષમાં તૈયાર નથી થતા.

રમતગમત જ નહીં, ગામડાં-કસ્બા સુધી સર્વાંગી વિકાસ કરવો એ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા રહી છે. વિકાસની આ પ્રક્રિયામાં લોકભાગીદારીની સાથે બધાંને સાથે લઈને ચાલવું એ જ સમાવેશી વિકાસ કહેવાય છે. કેન્દ્ર સરકારે સમગ્ર દેશના નાણાંકીય રીતે સશક્ત કરવા માટે મિશન મોડમાં આવીને પગલાં લીધાં છે, કારણ કે આવી પહેલ એક બે વર્ષોમાં સાકાર નથી થતી. તેનો પ્રારંભ 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી કર્યો હતો. વડાપ્રધાને દેશના દરેક પરિવારને બેન્કિંગ પ્રણાલિ સાથે જોડવા માટે ઐતિહાસિક 'જનધન યોજના'ની જાહેરાત કર હતી. આ યોજનાએ દેશના ગરીબો, પછાતો અને વંચિતોને ભારતની મુખ્ય આર્થિક ધારા સાથે જોડ્યા. આ અગાઉ, દેશની અડધાથી વધુ વસતિ બેન્કિંગ સુવિધાથી વંચિત હતી. આ પ્રારંભ પછી નાણાંકીય સર્વસમાવેશીતા એટલે કે તમામ લોકોને ઔપચારિક નાણાંકીય વ્યવસ્થા હેઠળ લાવવાની પહેલ થઈ. વિશ્વની સૌથી મોટી નાણાંકીય સર્વસમાવેશીતા યોજના અંતર્ગત જન ધન- આધાર-મોબાઈલની ત્રિપુટી દ્વારા કેન્દ્ર સરકારે 54 મંત્રાલયોની 318 યોજનાઓ દ્વારા લાભાર્થીઓના ખાતામાં અત્યાર સુધી રૂ. 17 લાખ કરોડથી વધુ રકમ બેન્ક ખાતામાં જમા કરી છે.

MNREGA, રાષ્ટ્રીય સામાજિક સહાય યોજનાઓ, વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિઓ, સરકારી રેશન, ખાતર સબસિડી, હાઉસિંગ સ્કીમ. કિસાન સન્માન નિધિ હેઠળ સહાય જેવી ઐતિહાસિક પહેલનો લાભ હવે લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યો છે. સરકાર તરફથી મળતા રોકડ લાભોમાં હવે કોઈ વચેટિયાઓ નથી અને કમિશન આપવું પડતું નથી. હવે 100 ટકા રકમ ગરીબો અને વંચિતો સુધી પહોંચે છે. હવે તેઓ મોબાઈલ પર બટન ક્લિક કરીને પોતાના અધિકારી મેળવી રહ્યા છે. 'સબ કા વિકાસ' એટલે કે સમાવેશી વિકાસની પહેલ સંપૂર્ણપણે ગરીબી નાબૂદી માટે સમર્પિત છે અને આ અંકની કવર સ્ટોરી તેનાં પર આધારિત છે. દેશ કઈ રીતે નાણાંકીય સર્વસમાવેશીતામાંથી નાણાંકીય સશક્તિકરણ તરફ ઝડપથી વધી રહ્યો અને દરેક નાગરિકના જીવનનો ભાગ બન્યો તેની વાત કરવામાં આવી છે.

આ ઉપરાંત, આ અંકમાં અમૃત મહોત્સવ શ્રેણીમાં ક્રાંતિકારીઓ, ટોક્યો ઓલિમ્પિક્સ, વ્યક્તિત્વ કોલમમાં સ્પોર્ટ્સ ડે પ્રસંગે મેજર ધ્યાનચંદ પર વિશેષ અહેવાલ, કોવિડ સામેની લડાઈ, પ્રગતિના પથ પર કાશી, રેલવેનું પરિવર્તન, કૌશલ્ય વિકાસ અને કેબિનેટના મહત્વના નિર્ણયો અંગે વાંચવા મળશે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને સ્વસ્થ રહો, સુરક્ષિત રહો અને તમારા સૂચનો મોકલતાં રહો


**સરનામું: રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,**

**બીજો માળ, સૂચના ભવન, નવી દિલ્હી-110003**

**ઈમેલ: response-nis@pib.gov.in**

जयदीप भटनागर

(जयदीप भटनागर)




# પ્રતિભાવ...

હું ન્યૂ ઈન્ડિયા સમાચારનો નિયમિત વાચક છું. મેગેઝીનમાં ઘણી લાભદાયક માહિતી મળે છે. વાંચવાની મજા આવે છે. મેગેઝીનને હજુ સફળ બનાવવા કેટલાંક સૂચનો કરવા માંગું છું. પહેલું, આ મેગેઝીનને ઘર-ઘર પહોંચાડવું જોઈએ. બીજું, તેમાં સરકારી ઉપલબ્ધિઓ અથવા નીતિઓ અને યોજનાઓની માહિતી પ્રકાશિત કરવાની સાથે સાથે સામાન્ય માણસોની સમસ્યા અને સૂચનો પણ મંગાવીને તેને પ્રકાશિત કરવી જોઇએ.

**ચૌધરી શક્તિસિંહ એડવોકેટ**
**shaktisinghadv@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારના અંકની હંમેશા રાહ જોઉં છું. આ મેગેઝીન માટે આપની સમગ્ર ટીમનો ખૂબ ખૂબ આભાર. આ અંકમાં 'અર્થતંત્રને રાહતનો બુસ્ટર ડોઝ' લેખ પરથી ખ્યાલ આવે છે કે સરકાર પોતાની જનતા માટે પડદા પાછળ શું શું કરી રહી છે. સમાજનું ઋણ ચૂક્તે કરવાની શીખ આપનાર ઉદ્યોગપતિ જેઆરડી ટાટા પરનો લેખ નવા ઉદ્યોગ સાહસિકોને તેમની સામાજિક જવાબદારીઓની યાદ અપાવશે. મફતનું મનોરંજન ડીડી ફ્રી ડીશમાં આપવામાં આવેલી માહિતી સામાન્ય માણસો માટે ઘણી ઉપયોગી છે. અફસોસની વાત છે કે છેલ્લાં 20 વર્ષોમાં દૂરદર્શન દ્વારા કરવામાં આવેલી સારી સેવા છતાં તેનો સરખી રીતે પ્રચાર કરવામાં આવ્યો નથી. સીઆરપીએફ સંલગ્ન સેવાઓ અને તેના જવાનોની પ્રતિબધ્ધતા અંગેનો લેખ પણ સરસ છે

**narhare.bh@mahagst.gov.in**

ન્યૂ ઈન્ડિયા સમાચારમાં મહત્વપૂર્ણ અને ઉપયોગી માહિતી મળી રહી છે. 1-15 જૂલાઈના અંકમાં કોવિડ, ફ્લેગશીપ યોજના, ખેડૂતોનું હિત, જીએસટીની જોગવાઈ સહિત તમામ વિષય પ્રેરક અને પ્રશંસનીય છે. મેગેઝીનના તમામ અંકના વિષયોની માહિતી જનમાનસ સુધી પહોંચવાના મહત્વપૂર્ણ દસ્તાવેજ છે. મેગેઝીનના પ્રકાશન માટે સંપાદક અને તેમની સમગ્ર ટીમનો હાર્દિક આભાર

**અરવિંદ યાદવ**
**yadavarvind1965@gmail.com**

ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે તમારું મેગેઝીન વરદાન સાબિત થઈ રહ્યું છે. અમારા ગામમાં અખબારો નિયમિત રીતે નથી આવતા. તેથી તમારી આ પહેલ અમારા ગામનાં લોકો માટે મહત્વની માહિતી મેળવવા માટેનું સશક્ત માધ્યમ બની રહી છે.

**પ્રદીપકુમાર નાનોલિયા**
**pknanoliya@gmail.com**

બહુ સરસ મેગેઝીન છે. સરકારની યોજનાઓ તથા સ્વતંત્રતા સંઘર્ષમાં લડનારા ક્રાંતિવીરોની નિયમિત રીતે અપાતી માહિતી વાંચવા મળે છે. મેગેઝીન વાંચીને સમજાય છે કે સરકાર વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારના વર્ગો માટે ઘણું સારું કામ કરવાનો પ્રયાસ કરે છે.

**સર્વેશ યાદવરાયપુર**
**gurubhai48@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# અઢી કરોડથી વધુ રિટેલ અને હોલસેલ વેપારીઓને પ્રથમ વાર MSMEનો દરજ્જો મળ્યો

જીડીપીમાં 29 ટકાથી વધુ યોગદાન આપનાર સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (MSME)ને રાહતો આપવા માટે સરકાર સતત કામ કરી રહી છે. જીડીપીમાં આ સેક્ટરનું પ્રદાન વધે અને તેની સાથે સંકળાયેલા લોકોને નવી સુવિધા મળે તે માટે MSME સેક્ટરની વ્યાખ્યા બદલીને તેમાં પ્રથમ વાર રિટેલ અને હોલસેલ વેપારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉ રિટેલ અને હોલસેલ વેપારીઓને MSMEના દાયરાથી બહાર રાખવામાં આવ્યા હતા, કારણ કે તેઓ નથી ઉત્પાદન એકમો કે નથી સેવા એકમો. પણ હવે સુધારેલી માર્ગદર્શિકા પ્રમાણે રિટેલ અને હોલસેલ વેપારીઓને રજીસ્ટ્રેશન પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સાથે, અઢી કરોડથી વધુ વેપારીઓને ભારતીય રિઝર્વ બેન્કની માર્ગદર્શિકા પ્રમાણે અગ્રીમ ક્ષેત્રનાં ધિરાણ અંતર્ગત લોન મળી શકશે. તેનાથી વેપારીઓને જરૂરી મૂડી મેળવવામાં સરળતા રહેશે. એટલે કે છેલ્લાં એક વર્ષમાં MSME ક્ષેત્ર માટે જાહેર કરવામાં આવેલા લાભ રિટેલ અને હોલસેલ વેપારીઓને પણ મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, “રિટેલ અને હોલસેલ વેપાર સાથે સંકળાયેલા વેપારીઓ માટે આ ઐતિહાસિક પગલું છે.”





## ‘એક જિલ્લો-એક ઉત્પાદન’ થી ખેડૂતોની આવક વધશે

ગયા વર્ષે કેન્દ્ર સરકારે આત્મનિર્ભર ભારતનો પાયો નાખવાનું શરૂ કર્યું. ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં સંભાવનાઓને જોતાં પ્રથમ વાર ‘પીએમ ફોર્મલાઇઝેશન ઓફ માઇક્રો ફુડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝ સ્કીમ’ (PMFME) શરૂ કરવામાં આવી, જે અંતર્ગત ફુડ પ્રોસેસિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા સ્વસહાય જૂથોને નાના ઉપકરણોની ખરીદી માટે નાણાંકીય મદદ પૂરી પાડવામાં આવે છે. આ સ્કીમમાં 9,000થી વધુ નાના ઉદ્યોગ સાહસિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું, જેમાં 2,500એ સરકારી સહાયથી કામ પણ શરૂ કરી દીધું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘એક દેશ-એક વ્યવસ્થા’ના સંકલ્પ સાથે ‘એક જિલ્લો-એક ઉત્પાદન’ની યોજના બનાવીને ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આગળ વધવાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્કીમને એક વર્ષ પૂરું થતાં કેન્દ્રીય ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલયે 35 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના 707 જિલ્લામાં એક જિલ્લો-એક ઉત્પાદન’ને મંજૂરી આપી છે. 17 રાજ્યોમાં 54 ઇન્ક્યુબેશન સેન્ટરની પણ સ્થાપના કરવામાં આવી રહી છે.

## ‘કિસાન સારથી’- ખેડૂતોને તેમની ભાષામાં યોગ્ય સમયે સાચી માહિતી

નવી ટેકનિક અને ઇન્ફોર્મેશન ટેકનોલોજીની મદદથી દેશમાં ખેતીવાડીને કાર્યક્ષમ બનાવવાની યોજના હાથ ધરવામાં આવી છે. આ દિશામાં આગળ વધતા 16 જુલાઈનાં રોજ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR) ના 93મા સ્થાપના દિને ઇલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કૃષિ તથા ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર




સિંહ તોમરે ‘કિસાન સારથી’ નામનું પ્લેટફોર્મ લોંચ કર્યું. આ પ્લેટફોર્મ દ્વારા ખેડૂતોને પાક સહિતની માહિતી આપવામાં આવશે. તેનાં દ્વારા ખેડૂતો પાક અને શાકભાજીને પણ વેચી શકશે. આ પ્લેટફોર્મ દ્વારા ખેડૂતોને વૈજ્ઞાનિકો તરફથી કૃષિ અને તેને સંલગ્ન વિષયો અંગેની સાચી અને નક્કર માહિતી પણ આપવામાં આવશે. પ્રથમ તબક્કામાં બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં ‘કિસાન સારથી’ શરૂ કરવામાં આવશે. એ પછી અન્ય રાજ્યોમાં તેનું વિસ્તરણ કરવામાં આવશે.

# ઐતિહાસિક નિર્ણય: મેડિકલ કોર્સિસમાં અન્ય પછાત વર્ગોને 27 ટકા અને આર્થિક રીતે પછાત વર્ગોને 10 ટકા અનામત



કેન્દ્ર સરકારે મેડિકલ અને ડેન્ટલનો અભ્યાસ કરવા માગતા અન્ય પછાત વર્ગ (OBC) અને આર્થિક રીતે પછાત વર્ગ (EBC)ના વિદ્યાર્થીઓના હિતમાં ઐતિહાસિક નિર્ણય લીધો છે. વર્તમાન શૈક્ષણિક સત્રથી મેડિકલ/ડેન્ટલના ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં પછાત વર્ગના ઉમેદવારોને 27 ટકા અનામતનો લાભ મળશે. આ ઉપરાંત, આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને પણ 10 ટકા અનામતનો લાભ આપવામાં આવશે. 29 જુલાઈએ લેવાયેલા આ નિર્ણયની જાણ વડાપ્રધાને ટ્વીટ કરીને આપી હતી. 1987માં સુપ્રીમ કોર્ટના નિર્દેશને પગલે ઓલ ઈન્ડિયા ક્વોટા સ્કીમ શરૂ કરવામાં આવી હતી. તેનો હેતુ બીજા રાજ્યના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યોમાં પણ અનામતનો લાભ આપવાનો હતો. 2008 સુધી ઓલ ઈન્ડિયા ક્વોટા સ્કીમમાં કોઈ અનામત નહોતું. પણ, 2007માં સુપ્રીમ કોર્ટે આ સ્કીમમાં અનુસૂચિત જાતિ માટે 15 ટકા અને અનુસૂચિત જનજાતિ માટે 7.5 ટકા અનામતનો આદેશ આપ્યો હતો. કેન્દ્ર સરકારના નિર્ણયને કારણે પછાત અને આર્થિક રીતે નબળા વર્ગોના આશરે 5,550 વિદ્યાર્થીને સીધો ફાયદો થશે.

## દેશના એક લાખ ગામડાં અને 50,000 ગ્રામ પંચાયતોમાં 'હર ઘર જલ'

પાણી જીવનની પ્રાથમિક જરૂરિયાત છે, તેમ છતાં આઝાદીના 70 વર્ષ બાદ પણ દેશના માત્ર 17 ટકા એટલે કે 18.94 કરોડ ગ્રામીણ ઘરોમાંથી માત્ર 3.23 કરોડ ઘરોમાં જ નળનું જોડાણ હતું. આ વિસંગતતાને દૂર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટ, 2019નાં રોજ લાલ કિલ્લા પરથી જલ જીવન મિશનનો પ્રારંભ કર્યો હતો. તેનો હેતુ દેશના દરેક ઘરમાં નળ દ્વારા પાણી પહોંચાડવાનો હતો. 2024 સુધીમાં દરેક ઘરમાં નળ દ્વારા પીવાનું પાણી પુરું પાડવાનું લક્ષ્ય હતું. માત્ર 23 મહિનામાં જ એક લાખ ગામડાંમાં દરેક ઘરમાં નળ દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. કોવિડ-19 મહામારી દરમિયાન જલ જીવન મિશનના 23 મહિનાઓ દરમિયાન 4.49 કરોડ નળ જોડાણ પૂરાં પાડવામાં આવ્યા. 50,000 ગ્રામ પંચાયતોમાં દરેક ઘરમાં નળનું પાણી પૂરૂં પાડવામાં આવ્યું. ગોવા, તેલંગણા, આંદામાન-નિકોબાર ટાપુ અને પુડુચેરીના ગ્રામીણ વિસ્તારોમાં 100 ટકા નળ જોડાણનું લક્ષ્ય હાંસલ કરવામાં આવ્યું છે. આટલું જ નહીં, એનસેફેલાઈટીસથી અસરગ્રસ્ત અને પ્રાથમિકતા ધરાવતા 61 જિલ્લાઓમાં માત્ર 22 મહિનામાં જ 97 લાખથી વધુ પરિવારોને નળ દ્વારા જળ પૂરું પાડવામાં આવ્યું છે.



## પાલમપેટનું રુદ્રેશ્વર મંદિર અને ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઈટ

તેલંગાણામાં વારંગલ પાસે મુલુગુ જિલ્લાના પાલમેપટ ખાતે આવેલા રુદ્રેશ્વર મંદિર (રામપ્પા મંદિર) અને ગુજરાતના હડપ્પા સંસ્કૃતિના શહેર ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. 25 જુલાઈએ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીના 44મા સત્રમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રામપ્પા મંદિર, 13મી શતાબ્દિની બેજોડ સ્થાપત્ય કળાનું પ્રતીક છે. આ મંદિરના વાસ્તુકાર રામપ્પાના નામ પરથી મંદિરનું નામ રાખવામાં આવ્યું હતું. આ મંદિરમાં રામલિંગેશ્વર સ્વામીની પુજા થાય છે. ગુજરાતમાં કચ્છ જિલ્લામાં આવેલા ધોળાવીરાને પણ વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો આપવામાં આવ્યો છે. યુનેસ્કોએ ટ્વિટ કરીને આ અંગેની જાણકારી આપી હતી. આ ટ્વિટને રિટ્વિટ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું, "અતિઉત્તમ. બધાંને અભિનંદન. હું આપ સૌને આ સ્થળોની મુલાકાત લેવાનો આગ્રહ કરું છું." ઉલ્લેખનીય છે કે, 2014 પછી અત્યાર સુધી ભારતના 10 સ્થળોને વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં સ્થાન મળ્યું છે ●





કાશીમાં વિકાસ

# આધ્યાત્મિક નગરીને આધુનિક સ્પર્શ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મત વિસ્તાર વારાણસીના સર્વાંગી વિકાસ માટે સતત કામ કર્યું છે અને અન્ય સાંસદો માટે પોતાના વિસ્તારના વિકાસ માટે દાખલો બેસાડ્યો છે. તેમની દૂરંદેશીતા અને આગેવાનીને પગલે વારાણસી છેલ્લાં સાત વર્ષમાં વિશ્વ કક્ષાનાં શહેર તરીકે ઊભર્યું છે. તાજેતરમાં, વડાપ્રધાને ઈન્ટરનેશનલ કોઓપરેશન એન્ડ કન્વેન્શન સેન્ટર-રૂદ્રાક્ષનું ઉદઘાટન કર્યું અને રૂ. 1,500 કરોડથી વધુનાં વિકાસ પ્રોજેક્ટ્નો પાયો નાખ્યો.**

વારાણસી આધુનિક શહેર તરીકે ઊભરી રહ્યું છે, ત્યારે તેની પરંપરાગત ઓળખ જાળવી રાખવા માટે પૂરતી કાળજી રાખવામાં આવી રહી છે. તેમનાં સંકલ્પો અને પ્રયાસોને કારણે કાશીવાસીઓના જીવનધોરણમાં સુધારો થયો છે એટલું જ નહીં, પણ સાંસદ તરીકે પોતાના સંસદીય વિસ્તારનો વિકાસ કઈ રીતે કરાય તેની પણ શીખ આપી છે. કાશી વિશ્વનાથના ભક્ત નરેન્દ્ર મોદીએ પોતાના સંસદીય વિસ્તારને વિકાસનું મોડલ બનાવ્યું છે એટલું જ નહીં, કાશી સહિત સમગ્ર દેશને નવી દિશા આપી રહ્યા છે. તેમણે 15 જુલાઈએ શહેરની મુલાકાત દરમિયાન કેટલાંક વિકાસ પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું, જેમાં જાપાનની મદદથી બનેલું ઈન્ટરનેશનલ કોઓપરેશન એન્ડ કન્વેશન સેન્ટર-રૂદ્રાક્ષ, બનારસ હિન્દુ યુનિવર્સિટી ખાતે 100 બેડની માતૃત્વ અને બાળ આરોગ્ય (MCH) વિંગ, ગોદૌલિયા ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ, ગંગા નદીમાં રો-રો બોટ, ક્રુઝ, ફ્લાયઓવર અને જલ જીવન મિશન અંતર્ગત 143 ગ્રામીણ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

### કાશીને વિકાસનો 'રુદ્રાક્ષ' મળ્યો

વારાણસી ગીત-સંગીત, ધર્મ-આધ્યાત્મ અને જ્ઞાન-વિજ્ઞાનનું મોટું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે. તેનું ઉદાહરણ છે રૂદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર, જે બૌધ્ધિક ચર્ચા, મોટાં સેમિનાર, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેનું આદર્શ સ્થળ બનવા જઈ રહ્યું છે. આ નવું કેન્દ્ર બન્યા પછી વિશ્વભરના કલા જગતના લોકો વારાણસીને પ્રાથમિકતા આપશે અને તે સાંસ્કૃતિક આદાનપ્રદાનનાં કેન્દ્ર તરીકે પણ ઊભરી આવશે. આ વિશાળ કન્વેન્શન સેન્ટરમાં 1200 લોકોને બેસવા માટેનું સભાગૃહ છે, જેમાં પાર્કિંગની સાથે સાથે દિવ્યાંગજનો માટે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સિગરા વિસ્તારમાં 2.87 હેક્ટર જમીનમાં બનેલા આ સેન્ટરમાં 108 રૂદ્રાક્ષ બેસાડવામાં આવ્યા છે અને તેની છત શિવ લિંગ આકારની બનાવવામાં આવી છે. રાત્રે સમગ્ર બિલ્ડીંગ એલઈડી લાઈટ્સથી ઝળહળી ઉઠે છે. આ બિલ્ડીંગ એન્વાર્યનમેન્ટ ફ્રેન્ડલી છે અને ઈન્ટિગ્રેટેડ હેબિટાટ

## વડાપ્રધાને આ યોજનાઓનું ઉદઘાટન કર્યું

**₹210 કરોડ** નાં ખર્ચે પૂરા થયેલા પ્રોજેક્ટ્સમાં આંતરરાષ્ટ્રીય કન્વેન્શન સેન્ટર-રુદ્રાક્ષ, ગોદૌલિયામાં મલ્ટીલેવલ પાર્કિંગ અને શહેરમાં ચાર પાર્કનું સૌંદર્યીકરણ મુખ્ય છે.



**193.37** કરોડનાં ખર્ચે પંચકોસી પરિક્રમા માર્ગનું મજબૂતીકરણ

**રૂ. 102 કરોડ 76 લાખ**

કરોડનાં ખર્ચે ગ્રામીણ પીવાના પાણી યોજના અને શહેરની જૂની ગટર વ્યવસ્થાના નવીનીકરણનું કામ પૂરૂં થઈ ચૂક્યું છે




- 139.19 કરોડનાં ખર્ચે મછોદરી સ્માર્ટ સ્કુલ અને સરકારી મહિલા પોલિટેકનિક સેન્ટરમાં આઈટી બ્લોક, લેબ અને રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સનું નિર્માણ કાર્ય પૂરું
- વારાણસી-ગાઝીપુર રોડ પર થ્રી લેનના ફ્લાયઓવરનું નિર્માણ અને 18 ગ્રામીણ રસ્તાઓનું રિપેરિંગ કામ પૂરું
- 92.21 કરોડનાં ખર્ચે બનારસ હિન્દુ યુનિવર્સિટીના શિક્ષકો માટે 80 રેસિડેન્શિયલ ફ્લેટ અને 100 બેડની માતૃત્વ અને બાળ આરોગ્ય (MCH) વિંગનું નિર્માણ
- 54.67 કરોડનાં ખર્ચે પર્યટન વિકસાવવા માટે ગંગામાં રો-રો બોટ, રામનગરથી રાજઘાટ સુધી ક્રુઝનું સંચાલન, 84 ઘાટો પર સાઈનેજ અને શહેરમાં છ જગ્યાઓ પર એલઈડી સ્ક્રિન અને સાઉન્ડ સિસ્ટમ તથા રામેશ્વરમાં પર્યટન વિકાસ કામ પૂર્ણ
- 35.36 કરોડનાં ખર્ચે શહેરની 14 હોસ્પિટલોમાં પીએસએ ઓક્સિજન પ્લાન્ટ, સેન્ટ્રલ જેલની બહાર એક વધુ દિવાલનું નિર્માણ, કરૌંદીના આઈટીઆઈ પરિસરમાં ડ્રાઈવિંગ અને તાલીમ સંસ્થા ઉપરાંત કલ્લીપુર કૃષિ વિજ્ઞાન કેન્દ્રનું કામ પૂર્ણ.
- ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં વર્તમાન 62 પ્રોજેક્ટ્સ પૂરા થવાની ધારણા છે. એ પછી જાન્યુઆરી 2022માં રૂ. 2003.92 કરોડનાં 10 અન્ય પ્રોજેક્ટ્સ પૂરા થશે. 13 પ્રોજેક્ટ્સ માટે ટેન્ડર સહિતની જરૂરી ઔપચારિક પ્રક્રિયા પણ પ્રગતિમાં છે.

એસેસમેન્ટ (GRIHA)ના ગ્રીન રેટિંગના લેવલ થ્રી માટે યોગ્ય છે.વીતેલાં છ-સાત વર્ષોમાં વારાણસીની શિલ્પકલાને મજબૂત કરવાની દિશામાં જે કામ થયું છે તેનાથી બનારસી સિલ્ક અને બનારસી શિલ્પને ફરીથી નવી ઓળખ મળશે. આ કેન્દ્ર શહેરમાં વ્યાવસાયિક પ્રવૃત્તિઓને વેગ આપવામાં પણ મહત્વનું સાબિત થશે. વડાપ્રધાન મોદીએ તેને દેશ અને દુનિયાને સાંસ્કૃતિક રીતે જોડનારા કેન્દ્રની સાથે સાથે ભારત-જાપાન સંબંધોને વિશ્વમાં નવી ઓળખ અપાવનારું ગણાવ્યું. તેમણે જણાવ્યું કે, આ કન્વેન્શન સેન્ટર સાંસ્કૃતિક કેન્દ્ર અને વિવિધ લોકોને એકઠાં કરવાનું માધ્યમ બનશે. હવે કાશી, જે વાસ્તવિક શિવ છે, તેણે આ રુદ્રાક્ષને ધારણ કરી લીધું છે.

### પૂર્વાંચલનું મેડિકલ હબ બની રહેલું કાશી

વિકાસની યોજનાઓ અને તેની ગતિથી વારાણસી હવે પૂર્વાંચલનું મેડિકલ હબ બની રહ્યું છે. ગણતરીના વર્ષોમાં મેડિકલ કોલેજોની સંખ્યા ચાર ગણી થઈ ગઈ છે. એક સમયે જે રોગની સારવાર માટે દિલ્હી કે મુંબઈ જવું પડતું હતું તેની સારવાર હવે વારાણસીમાં પણ થઈ શકે છે. અહીંના આરોગ્ય માળખામાં નવી સુવિધાઓ વધી રહી છે. બીએચયુમાં બાળકોની સારવાર માટે 100 બેડની હોસ્પિટલ અને 50 બેડની ક્ષમતા ધરાવતી જિલ્લા હોસ્પિટલનું ઉદઘાટન કરવામાં આવ્યું. છેલ્લાં સાત વર્ષથી કાશી પોતાની મૂળ ઓળખ જાળવી રાખીને વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યું છે. શહેરમાં નેશનલ હાઈવે, ફ્લાયઓવર, રેલવે ઓવરબ્રિજ બન્યાં છે, તો વાયરોનાં જાળાં દૂર કરવા જૂની



## આ યોજનાઓનો શિલાન્યાસ થયો

**186.06** કરોડ રૂપિયાનાં ખર્ચે પીવાના પાણીનો પુરવઠો, સીવરલાઇન અને સ્કાડા ઓટોમેશનની યોજના

**31.74** કરોડ રૂપિયાનાં ખર્ચે આર્થિક ગુના સંશોધન સંસ્થા અને શૂટિંગ રેન્જનાં નિર્માણની યોજના

**119.76** કરોડ રૂપિયાનાં ખર્ચે ગ્રામીણ લિન્ક રોડનું પુનર્નિર્માણ, લહરતારા ચૌકાઘાટ, અર્બન પ્લેસમેકિંગની યોજના

**55.88 કરોડ** રૂપિયાનાં ખર્ચે સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોમેકિલ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (CIPET) તથા શાકભાજી માટે કરખિયાંવમાં પેક હાઉસ નિર્માણની યોજના


કાશીમાં અન્ડર ગ્રાઉન્ડ વાયર બિછાવવાનું કામ ચાલી રહ્યું છે. તો પીવાનાં પાણી, ગટરની સમસ્યાનું નિરાકરણ થયું છે અને પર્યટનને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. અત્યારે પણ આ વિસ્તારમાં આશરે રૂ. 8,000 કરોડનાં પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. નવા પ્રોજેક્ટ, નવી સંસ્થાઓ કાશીની વિકાસ ગાથાને વધુ જીવંત બનાવી રહ્યા છે.

### ગંગાના ઘાટ આધુનિક બની રહ્યા છે

સારી સુવિધાઓ, સારી કનેક્ટિવિટી, સ્વચ્છ ગલીઓ અને ઘાટ-પૌરાણિક કાશીનો આ નવો ચહેરો છે. શહેરના 700થી વધુ સ્થળોએ એડવાન્સ સર્વેલન્સ કેમેરા લગાવવાનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે. શહેરમાં વિવિધ સ્થળોએ મોટાં એલઇડી સ્ક્રિન્સ તથા ઘાટો પર ટેકનોલોજીથી સજ્જ માહિતી બોર્ડ લગાવવામાં આવ્યા છે. કાશીનો ઇતિહાસ, વાસ્તુ, શિલ્પ, કળા જેવી બાબતોની માહિતી આકર્ષક રીતે રજૂ કરવાથી શ્રધ્ધાળુઓને ઘણી કામ લાગશે. ગંગા ઘાટ પર થતી ગંગા આરતી અને કાશી વિશ્વનાથ મંદિરમાં થતી આરતીને મોટી સ્ક્રિન્સ દ્વારા સમગ્ર શહેરમાં તેનું પ્રસારણ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ગંગામાં રો-રો સેવા અને ક્રુઝ બોટનું સંચાલન શરૂ થઈ ગયું છે.

કાશીને મળી રહેલી આ ભેટો અને પૂરા થયેલા પ્રોજેક્ટને કારણે શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી જેવી સુવિધા થવાથી કાશીવાસીઓનું જીવન સરળ બન્યું છે, તો બીજી બાજુ પર્યટનને પણ પ્રોત્સાહન મળ્યું છે. આ અગાઉ વડાપ્રધાને 30 નવેમ્બરે વારાણસીની મુલાકાત લીધી હતી. તેમણે સારનાથમાં આર્કિયોલોજિકલ સાઇટની મુલાકાત લીધી હતી અને દેવ દિપાવલિ મહોત્સવમાં પણ હાજરી આપી હતી ●

વારાણસીમાં વિવિધ પ્રોજેક્ટ્સના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાનના ભાષણને સાંભળવા ક્યુઆર કોડ સ્કેન કરો



### વિશ્વ યુવા કૌશલ દિવસ

# નવી પેઢીનો કૌશલ્ય વિકાસ આત્મનિર્ભર ભારતનો પાયો

**કૌશલ્યનું સન્માન કરવું એ ભારતીય સંસ્કૃતિનો હિસ્સો છે. કોવિડના સમયમાં કાર્યક્ષમ કર્મચારીઓએ મહત્વનું યોગદાન આપ્યું હતું. કોવિડ પછી બદલાયેલા સમયમાં તેમનું મહત્વ વધી ગયું છે. 'સ્કિલ ઈન્ડિયા મિશન' કરોડો યુવાનો અને નબળા વર્ગને કૌશલ્યની સાથે સાથે રોજગારીની નવી તકો પૂરી પાડીને ડો. બાબાસાહેબ આંબેડકરનું સપનું સાકાર કરી રહ્યું છે.**

"ઘરમાં કમાવવાવાળું કોઈ નહોતું. મારે દિકરીને ભણાવવી હતી. પછી કોઈએ સલાહ આપી કે ઘરમાં બેસી રહેવા કરતા કંઈક કામ કર. તેમની સલાહ માનીને મેં નેપાલી બજારમાં કૌશલ્ય વિકાસ સાથે સંકળાયેલી શિક્ષણ સંસ્થામાં ટેલરિંગ સેન્ટરમાં પ્રવેશ મેળવ્યો. ચાર મહિનાની તાલીમ બાદ સર્ટિફિકેટ મળ્યું અને એક મશીન ખરીદ્યું. થોડાં દિવસોમાં કામ મળવા લાગ્યું તો બજારમાં જ એક દુકાન લઈને કામ વધાર્યું. હવે આવક વધવા માંડી છે ત્યારે દિકરીને પ્રાઈવેટ સ્કુલમાં એડમિશન અપાવ્યું છે." આસામના ખારૂપેટિયાની રેશમા ખાતુનનું આ કહેવું છે, જે કૌશલ્ય વિકાસ યોજના માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માને છે. રેશમાની જેમ રિટેલ એક્ઝિક્યુટિવ જ્યોતિ કૌશલ્ય તાલીમ બાદ પગભર થઈ છે એટલું જ નહીં, પોતાના દાદા-દાદીનો સહારો પણ બની રહી છે. માતા-પિતાને ગુમાવી ચૂકેલી જ્યોતિને તેના દાદા-દાદીએ ઉછેરી. આ જ રીતે મેરઠની રૂપલ ભારદ્વાજે યુપી બોર્ડની ધોરણ-10 અને 12ની પરીક્ષામાં સારા માર્ક્સ મળ્યા પછી આઈટીઆઈમાં ફેશન ડિપ્લોમાનો કોર્સ કરીને પોતાની બ્રાન્ડ બનાવી છે. રૂપલ કહે છે, "જે લોકો ખાનગી શાળાઓની ફી ભરી નથી શકતા, તેમનાં માટે સરકારી ક્ષેત્રનાં આવા તાલીમ કેન્દ્રો ફાયદાકારક છે." આવા અનેક અનુભવ ભારતના સપનાને સાકાર કરી રહ્યા છે. 15 જુલાઈએ વિશ્વ યુવા કૌશલ દિવસ પ્રસંગે વડાપ્રધાને કહ્યું હતું કે, 21મી સદીમાં જન્મેલા આજના યુવાનો વિકાસ યાત્રાને આઝાદીના 100 વર્ષ સુધી આગળ ધપાવશે. તેમણે પાયાના સ્તરે કૌશલ્ય વિકાસને મજબૂત કરવા માટે 76 નવા જન શિક્ષણ સંસ્થાન (JSS)ની પણ જાહેરાત કરી.●

"

ભારત વિશ્વને કુશળ શ્રમશક્તિ પ્રદાન કરી રહ્યું છે, જે આપણા યુવાનોને કુશળ બનાવવાના વ્યૂહનો મહત્વનો હિસ્સો હોવો જોઈએ. **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## જન શિક્ષણ સંસ્થાન-નવી તક

- સ્કિલિંગ અને અપ સ્કિલિંગ દ્વારા પરંપરાગત કૌશલ્યને પ્રોત્સાહન
- નિરક્ષર, નવ-સાક્ષર, 8મા અને 12મા ધોરણ સુધીના ડ્રોપઆઉટ માટે. તેનું વય જૂથ લક્ષ્ય 15-35થી વધારીને 15-45 કરવામાં આવ્યું છે. એસસી, એસટી, દિવ્યાંગજન અને બીપીએલ કેટેગરી માટે મફત
- હાલમાં કુલ તાલીમબધ્ધોમાંથી 85 ટકા મહિલાઓ છે, જ્યારે એસસી 28 ટકા અને એસટી આશરે 13 ટકા છે.

## ઔધોગિક તાલીમ સંસ્થા (IIT) અને સીટમાં વધારો

- 2014માં 11847 સંસ્થાઓ હતી, 2021માં 14,690 થઈ એટલે કે 24 ટકાનો વધારો, 2014માં સીટની સંખ્યા 16.94 લાખ હતી, 2021માં 26.13 લાખ થઈ એટલે કે 54 ટકાનો વધારો

## યુવાનોને રોજગારી માટે એપ્રેન્ટિસશીપ સુધારા

- એપ્રેન્ટિસશીપ રુલ્સ-1992માં વ્યાપક સુધારાને કારણે એપ્રેન્ટિસના પ્રવેશમાં વધારો થયો છે. આ ઉપરાંત, એપ્રેન્ટિસશીપ પોર્ટલમાં નોંધાયેલા એકમોમાં પણ વધારો નોંધાયો છે. 2016-17માં એપ્રેન્ટિસની ભરતી કરવા માગતા એકમોની સંખ્યા 17,000ની આસપાસ જ હતી, જે હવે વધીને 1.26 લાખ થઈ ગઈ છે.
- તાજેતરમાં વડાપ્રધાને ફ્રન્ટલાઈન હેલ્થકેર વર્કર્સ માટે ક્રેશ કોર્સ લોંચ કર્યો હતો., જે અંતર્ગત આગામી બે ત્રણ મહિનામાં એક લાખથી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવશે. આ માટે 26 રાજ્યોમાં 111 કેન્દ્રોમાંથી 6 કસ્ટમાઈઝ્ડ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે.



ગુજરાતને ભેટ

# વડાપ્રધાને ગુજરાતના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું

**નવા ભારતની આકાંક્ષાઓ બદલાઈ હોવાથી અગાઉની સદીની જૂની પધ્ધતિઓને ત્યજવી જરૂરી છે. રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય કે સાયન્સ અને ટેકનોલોજીનાં ક્ષેત્રમાં સુધારાઓ હોય, 21મી સદીને અનુરૂપ આધુનિક પ્રણાલિ અપનાવવી જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 16 જુલાઈનાં રોજ અત્યાધુનિક ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન સહિતના કેટલાંક રેલવે પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું હતું. આ ઉપરાંત, તેમણે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે એક્વેટિક્સ અને રોબોટિક્સ ગેલેરીનું પણ ઉદઘાટન કર્યું હતું.**

"નવા ભારતના વિકાસની ગાડી બે પાટા પર એક સાથે ચાલતા ચાલતા આગળ વધશે. એક પાટો આધુનિકતાનો, બીજો પાટો ગરીબ, ખેડૂત અને મધ્યમવર્ગના કલ્યાણનો. હવે આ કામ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે." ગુજરાતમાં વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલા આ શબ્દો નવા ભારતના વિકાસની ગૌરવયાત્રાની સાબિતી છે. કેન્દ્ર સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સાથે, જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં રિસર્ચ પર પણ ફોકસ કર્યું છે. 16 જુલાઈએ વડાપ્રધાને ગાંધીનગરમાં વિશ્વસ્તરીય રેલવે સ્ટેશન તથા અન્ય રેલવે પ્રોજેક્ટ્સનો પ્રારંભ કર્યો ત્યારે તેમણે પોતાના આ વિચાર રજૂ કરતા જણાવ્યું કે, રેલવેને પહેલાં માત્ર મુસાફરી માટેની સેવા તરીકે જોવામાં આવતી હતી, પણ હવે તેને રાષ્ટ્રની સંપત્તિ માનીને વિક્સાવવામાં આવી રહી છે અને તેનાં પરિણામ દેખાઈ રહ્યા છે.

નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. અહીં વાઈબ્રન્ટ સમિટનું પણ આયોજન થાય છે. વિદેશી મહાનુભાવો જ્યાં મહેમાન તરીક  આવે છે તે મહાત્મા મંદિર પાસે સારી માળખાગત સુવિધાઓ વિક્સે તેવી તેમની કલ્પના હતી. મહાત્મા મંદિર પાસે અત્યાધુનિક ગાંધીનગર રેલવે સ્ટેશન શરૂ થવાથી તેમનું સપનું સાકાર થયું છે. એરપોર્ટ પ્રકારનું આ રેલવે સ્ટેશન સુવિધાઓ અને સુંદરતાનો આધુનિક સંગમ છે. અહીંના અન્ડરપાસ પ્લેટફોર્મને જોડે છે, તો હેંગિંગ લાઈટ્સ, વર્ટિકલ ગાર્ડન અને મનમોહક બગીચા તેનું આકર્ષણ વધારે છે. આ સ્ટેશન પર જ 318 રૂમની ભવ્ય હોટેલ પણ છે. ટૂંકમાં, સ્ટેશન, હોટેલ, મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક, બધું એક હરોળમાં છે.

## રેલવેના મુખ્ય પ્રોજેક્ટ્સ, જેનું ઉદઘાટન થયું

**અત્યાધુનિક રીતે પુનઃવિકાસ પામેલું ગાંધીનગર રેલવે સ્ટેશનઃ** સંપૂર્ણ બિલ્ડીંગ ગ્રીન બિલ્ડીંગ રેટિંગ સુવિધાઓ સાથે તૈયાર,  GEM દ્વારા ફાઈવ સ્ટાર સર્ટિફિકેશન. એક






## જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અનુસંધાનની દિશામાં આગેકૂચ

**એક્વેટિક્સ ગેલેરી** અત્યાધુનિક એક્વેટિક્સ ગેલેરીમાં વિશ્વના વિવિધ દેશોની 188 પ્રજાતિના 11,000થી વધુ દરિયાઇ જીવોની ઝલક જોવા મળશે. મુલાકાતીઓ દરિયાઇ થીમ પર આધારિત ગેલેરીમાં પ્રવેશ કરીને 10 વિવિધ દરિયાઇ ક્ષેત્રોને નિહાળી શકશે. મુખ્ય ટેન્કની અંદર બનેલી 28 મીટર પહોળી વિશ્વકક્ષાની વોક વે ટનલ મુલાકાતીઓને શાર્ક અને અવશેષો વચ્ચેથી ચાલવાનો અનુભવ પૂરો પાડશે.

**રોબોટિક્સ ગેલેરી** રોબોટિક ટેકનોલોજીને પ્રદર્શિત કરનારી આ ઇન્ટરએક્ટિવ ગેલેરી છે. 11,000 ચોરસ મીટરમાં અત્યાધુનિક રોબોટનું પ્રદર્શન. ગેલેરીના દરેક માળ પર અલગ અલગ વિસ્તારોમાં રોબોટની ઉપયોગિતા અને લાભનું પ્રદર્શન છે.

**નેચર પાર્ક** આ પાર્કમાં એક મિસ્ટગાર્ડન, ચેસ ગાર્ડન, સેલ્ફી પોઇન્ટ, સ્કલ્પ્ચર પાર્ક અને આઉટડોર મેઝ સહિત અનેક વિશેષતાઓ છે.

“

**દેશમાં પ્રવાસ હોય કે પછી ચીજવસ્તુઓનું પરિવહન. ઓછો સમય, ઓછો ખર્ચ અને વધુ સારી સુવિધા 21મી સદીની પ્રાથમિકતા છે. તેથી આજે દેશ મલ્ટીમોડલ કનેક્ટિવિટી તરફ આગળ વધી રહ્યો છે. આ માટે વિસ્તૃત રોડમેપ પર કામ ચાલી રહ્યું છે. મને વિશ્વાસ છે કે ટ્રાન્સપોર્ટના અલગ અલગ માધ્યમોને જોડીને લાસ્ટ માઇલ કનેક્ટિવિટી, આત્મનિર્ભર ભારતના અભિયાનને વેગ આપશે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

મોટા વિસ્તારમાં ટિકીટીંગ સુવિધા સાથે ડબલ હાઇટ પ્રવેશ લોબી, સર્વ ધર્મ પ્રાર્થના રૂમ અને અલગ બેબી ફિડિંગ રૂમ સહિતની મહત્વની સુવિધાઓ ઉપલબ્ધ, પ્રવાસીઓની સુવિધા માટે સ્ટેશન પર એન્ટ્રી અને એક્ઝિટ અલગ અલગ રાખવામાં આવી છે. કાર, ઓટો રિક્ષા અને ટુ વ્હિલર્સ માટે પાર્કિંગની પૂરતી વ્યવસ્થા. પ્લેટફોર્મ પર 480 પ્રવાસીઓને બેસવાની સુવિધા, દિવ્યાંગ મુસાફરો માટે રેમ્પ અને પાર્કિંગની વ્યવસ્થા. ટિકિટ વિન્ડો પાસે જ લિફ્ટ અને એક્સેલેટર. એર કન્ડિશન્ડ વેઇટિંગ લોન્જ, આર્ટ ગેલેરીની સાથે એલઇડી વોલ ડિસ્પ્લે.

**સુરેન્દ્રનગર-પિપાવાવ સેક્શનનું વિદ્યુતીકરણઃ** રેલ કનેક્ટિવિટીને સુલભ બનાવવા માટે 264 કિલોમીટર લાંબા સુરેન્દ્રનગર-પિપાવાવ સેક્શનનું ઇલેક્ટ્રિફિકેશન. તેનાથી પીપાવાવ પોર્ટથી ભારે માલવાહક ડબલ સ્ટેક કન્ટેનર ટ્રેનો સરળતાથી અવરજવર કરી શકશે.

**ગેજ પરિવર્તન અને મહેસાણા-વરેઠા લાઇનનું વિદ્યુતિકરણઃ** 55 કિલોમીટરના મહેસાણા-વરેઠા રેલ સેક્શનનું વિદ્યુતિકરણ સહિત બ્રોડગેજમાં પરિવર્તન કરવામાં આવ્યું છે. આ સેક્શનમાં મહેસાણા જિલ્લાનું વડનગર મહત્વનું રેલવે સ્ટેશન છે. અહીં આકર્ષક સ્ટેશન અને તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

**બે ટ્રેનોને લીલી ઝંડી આપવામાં આવીઃ** ગાંધીનગર કેપિટલ-વારાણસી વચ્ચે નવી સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ, ગાંધીનગર અને વરેઠા વચ્ચે મેમુ ટ્રેન. ●

ગાંધીનગરમાં વિવિધ યોજનાઓના લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાનનું ભાષણ સાંભળવા ક્યુઆર કોડ સ્કેન કરો

## સમાવેશિતાથી વિકાસ

# તમારો અધિકાર તમારા આંગણે




**કેન્દ્ર સરકારની દરેક નીતિ, દરેક યોજનાનો આધાર સર્વસમાવેશિતા એટલે કે 'સબકા વિકાસ' રહ્યો છે. સામાજિક અને આર્થિક રીતે ઉપેક્ષિત વર્ગોને ઔપચારિક નાણાંકીય પ્રણાલિમાં આવરી લઈને તેમના વિકાસમાં સહભાગી બનાવવા એ સરકારની પ્રાથમિકતા રહી છે. 54 મંત્રાલયો /વિભાગોની 318 યોજનાઓમાં ઈ-ગવર્નન્સના મોડલે સુશાસનને સશક્ત માધ્યમ બનાવ્યું છે, જેમાં જનધન, સામાજિક સુરક્ષા, મુદ્રા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. હવે વંચિતોને જનધન-આધાર-મોબાઈલ (JAM)ને કારણે સીધો લાભ મળે છે, જેમાં વચેટિયાઓ અને ભ્રષ્ટાચારને કોઈ સ્થાન નથી. આ પરિવર્તનથી લોકોની જીંદગી બદલાઈ રહી છે અને નવું ભારત ઊભરી રહ્યું છે. ખાસ કરીને કોવિડના સમયગાળામાં પારદર્શક, વિશ્વસનીય નાણાંકીય સર્વસમાવેશિતા (Financial Inclusion)એ લોકોને મોટી રાહત આપી છે.**



દરેક ઉદ્યોગસાહસિકને વેપાર શરૂ કરવા પૈસાની પ્રારંભિક સમસ્યા નડે છે. પુષ્પા બનસોડેનો કિસ્સો પણ આવો જ છે. તે કહે છે, "હું મારા પરિવારની પ્રથમ સભ્ય છું, જે બિઝનેસ કરવા માગતી હતી. એના માટે પૈસાની જરૂર હતી અને મને મુદ્રા યોજનામાંથી લોન મળી. જેમાં વ્યાજ ઓછું અને ફાયદો વધુ હોય છે. આજે મારી પાસે પોતાની ફેક્ટરી છે અને પેઢીઓમાં અત્યાર સુધી કોઇએ ન કરી બતાવ્યું તે મેં કરી બતાવ્યું." નવી મુંબઈમાં રહેતી પુષ્પાના ચહેરા પર સફળતાની કહાની પ્રતિબિંબિત થતી હતી. તેણે પોતાના શોખને પૂરો કરવા માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાંથી જરૂરિયાત પ્રમાણેની લોન લીધી. આ જ યોજનાએ બિહારના મુઝફ્ફરપુરના શંભુ સાહની જીંદગી પણ બદલી નાખી છે અને મુદ્રા લોન દ્વારા પોતાના બિઝનેસને વધારીને નોંધપાત્ર નફો મેળવ્યો છે.

રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં નોઇડા સેક્ટર 16 પાસેની એક ઝૂંપડપટ્ટીમાં રહેતી ગુડ્ડીની કહાની પણ કંઇક આવી જ છે.

## નવા ભારતનો મંત્ર

### આઇટી+આઇટી=આઇટી
### ઇન્ડિયન ટેલેન્ટ+ઇન્ફોર્મેશન ટેકનોલોજી= ઇન્ડિયા ટુમોરો

તે કહે છે, "હું અને મારા પતિ અમે બંને મજૂરી કરીએ છીએ. ઘરમાંથી કચરો ઉઠાવીને જે પૈસા મળે છે તેમાંથી ગુજરાન ચાલે છે. લોકડાઉન દરમિયાન બધું બંધ હતું. આવકનું કોઈ સાધન નહોતું. એ વખતે મેં સાંભળ્યું કે જનધન બેંક ખાતામાં પૈસા આવ્યા છે. એ વખતે ત્રણ વાર 500-500 રૂપિયા આવ્યા, જેનાથી મોટી રાહત મળી. વળી, રેશન પણ મફતમાં મળવા લાગ્યું. જો એ ન મળત તો શું કરત. બાળકોનું પેટ કઈ રીતે ભરત?" ઉત્તરપ્રદેશના શાહજહાંપુરમાં રહેતા સંજીવ રોજી રોટીની શોધમાં દિલ્હી આવ્યા અને અહીંના દલ્લુપુરા વિસ્તારમાં પત્ની આરતી અને ત્રણ બાળકો સાથે રહે છે. લોકડાઉનના સમયમાં જ્યારે કોઈ રોજગારી નહોતી ત્યારે આરતીના જનધન ખાતામાં આવેલા 1500 રૂપિયાએ મુશ્કેલીના સમયમાં પરિવારને મોટી રાહત આપી. સંજીવ કહે છે, "હવે તો ગામડાંના રેશન કાર્ડ પરથી અહીંયા પણ રેશન મળે છે. અમારા જેવા ગરીબોની આટલી ફિકર પહેલાં ક્યાં કોઈ સરકાર કરતી હતી." લોકડાઉન હોય કે અનલોક, લાભાર્થીઓને હવે ઘેર બેઠાં સુવિધા મળવા લાગી છે.



**"આજથી સાત વર્ષ પહેલાં બેન્કિંગ સુવિધાઓથી વંચિત લોકોને બેન્કિંગ સુવિધા પૂરી પાડવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય સાથે પ્રધાનમંત્રી જનધન યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના ગેમ ચેન્જર સાબિત થઈ અને અનેક ગરીબી નાબૂદી કાર્યક્રમોનો આધાર બની અને કરોડો લોકોને તેનો લાભ થયો. પ્રધાનમંત્રી જનધન યોજનાને કારણે અનેક પરિવારોનું ભવિષ્ય સુરક્ષિત થયું. આ યોજનાના લાભાર્થીઓમાં ગ્રામીણ વિસ્તારોના લોકો અને મહિલાઓનો સમાવેશ થાય છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# જનધન-આધાર-મોબાઇલ (JAM) દ્વારા નાણાંકીય સર્વસમાવેશિતા

2014 પહેલાં દેશમાં પૂરતી બેન્કિંગ સુવિધા નહોતી, દેશની અડધી વસતિ પાસે બચતનું માધ્યમ નહોતું. તેમની પાસે સંસ્થાકીય ધિરાણનાં વિકલ્પ નહોતા. આને કારણે એવું થતું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા લોકોને આપવામાં આવતા રોકડ લાભ કે સબસિડી તેમનાં સુધી પૂરેપૂરા પહોંચતા નહોતા અને વચેટિયાઓ ખાઈ જતા હતા. આ સમસ્યા ઉકેલવા માટે દેશમાં પ્રથમ વાર પ્રત્યેક પરિવારમાં ઓછામાં ઓછું એક બેન્ક ખાતુ ખોલાવીને તેને આધાર દ્વારા વેરિફાય કરીને મોબાઇલ નંબર સાથે લિન્ક કરવાનું શરૂ કરવામાં આવ્યું. 2015ના બજેટ ભાષણમાં પ્રથમ વાર તત્કાલીન નાણાં મંત્રી અરૂણ જેટલીએ જનધન-આધાર-મોબાઇલ એટલે કે JAM યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. નાણાંકીય સર્વસમાવેશિતા માટે 'એક અબજ ખાતા-એક અબજ આધાર-એક અબજ મોબાઇલ'નો કન્સેપ્ટ રજૂ કર્યો. એટલે કે એક અબજ આધારને એક અબજ બેન્ક ખાતાઓ અને એક અબજ મોબાઇલ ફોન સાથે જોડવા. આ માટે પહેલાં જનધન યોજનામાં ખાતા ખોલવાની શરૂઆત કરવામાં આવી, પછી આધાર વેરિફાઇડ ખાતાઓમાં ડીબીટી દ્વારા સીધી સહાય મોકલવામાં આવી. JAM ત્રિપુટીએ વચેટિયાઓની જાળને ખતમ કરી. ટેકનોલોજી દ્વારા ભ્રષ્ટાચાર રોકાયો હોવાનું આ સૌથી સફળ ઉદાહરણ છે.


## JAMની તાકાત




**42 કરોડ**
જનધન ખાતા ખૂલી ચૂક્યા છે અત્યાર સુધી

**129 કરોડ**
આધાર જુલાઈ 2021 સુધી જારી કરવામાં આવ્યા

**121 કરોડ**
મોબાઇલ ગ્રાહકો ભારતમાં



**"પ્રગતિ માટે અમારું વિઝન સર્વસમાવેશી છે, અમારું મિશન સર્વસમાવેશી છે. આ સમાવેશી ફિલસોફી મારી સરકારની દરેક નીતિની દરેક યોજનાનો આધાર છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

ઓડિશાના અંતરિયાળ ગામ મગડાઈમાં રહેતા વિજય, પ્રતિમા અને દર્શની રાઉત માટે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક આશીર્વાદ સમાન પૂરવાર થઈ છે. અગાઉ પૈસા જમા કરાવવા કે ઉપાડવા માટે તેમને 20 કિલોમીટર દૂર જવું પડતું હતું. પ્રતિમા કહે છે, "પહેલાં એક દિવસ કામ બંધ કરીને બાળકો-વડીલોને એકલા મૂકીને બેન્ક જવું પડતું હતું. પણ પોસ્ટ પેમેન્ટ બેન્કની સુવિધાએ જીંદગી બદલી નાખી." દર્શની કહે છે, "બેન્કના આંટા મારવાની દોડ હવે પૂરી થઈ ગઈ છે." આ ઉપરાંત, કિસાન સન્માન નિધિ અંતર્ગત વર્ષે રૂ. 6,000 અને એલપીજીની સબસિડી સીધી ખાતામાં આવી જાય છે. મધ્યપ્રદેશના નૌગાંવના દેવેન્દ્ર સિંહને તેમની એલપીજી સબસિડી સીધી બેન્ક ખાતામાં મળી જાય છે. તે કહે છે, હવે વચ્ચે ગેસ એજન્સી ન હોવાથી કોઇ ગરબડ નથી થતી અને પૈસા સીધા ખાતામાં આવી



ભારત પાસે આગામી પેઢીની નાણાંકીય સેવાઓ પૂરી પાડવા અને 2030 સુધી ભારતીય અર્થતંત્રમાં 865 અબજ ડોલર સુધીનું યોગદાન કરવાની તક છે. સારા માળખાને કારણે નાણાંકીય સર્વસમાવેશિતા સામૂહિક ચળવળ બનવા સજ્જ છે.

જતા હોવાથી કેન્દ્ર સરકારની યોજનાઓનું આકર્ષણ પણ વધ્યું છે. રાંધણ ગેસ ઉપરાંત, પ્રધાનમંત્રી આવાસ યોજનાની રકમ પણ લાભાર્થીઓના ખાતામાં સીધી પહોંચી જાય છે. ઉત્તરપ્રદેશના આમરી ખાન, આર્યન ચૌધરી જેવા લોકો તેનાથી ખુશ છે કારણ કે કેન્દ્ર સરકાર તરફથી મળતા લાભમાં હવે કોઇ વચેટીયા નથી અને નથી કમિશન આપવું પડતું.

તમામ લોકોની સામાજિક સુરક્ષા એટલે કે 'સબકા સાથ-સબકા વિકાસ'ની પ્રતિબધ્ધતા હવે સાકાર થઈ રહી છે. તેની પાછળનું કારણ છે નાણાંકીય સર્વસમાવેશિતા દ્વારા લોકોનું નાણાંકીય સશક્તિકરણ. તેની શરૂઆત વડાપ્રધાને 15 ઓગસ્ટ, 2014નાં રોજ લાલ કિલ્લા પરથી જનધન યોજનાની જાહેરાત સાથે કરી હતી. આ જાહેરાતના માત્ર 12 દિવસ પછી 28 ઓગસ્ટનાં રોજ તેનો અમલ પણ કરી દેવામાં આવ્યો. દેશના તમામ નાગરિકોને સામાજિક સલામતી પૂરી પાડવી એ સરકારની પ્રતિબધ્ધતા રહી છે. ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝન સ્કીમની પ્રચંડ સફળતા તેની સાબિતી છે. આઝાદીના 67 વર્ષ સુધી દેશની 50 ટકાથી વધુ વસતિ બેન્કિંગ સુવિધાથી વંચિત હતી. જનધન યોજના અંતર્ગત ઝીરો બેલેન્સમાં લોકોના બેન્ક ખાતા ખોલાવવાનું કામ મિશન મોડમાં શરૂ કરવામાં આવ્યું. હાલમાં, દેશના 42 કરોડથી વધુ લોકો પાસે જનધન ખાતા છે, જેમાંથી 55 ટકા મહિલા ખાતાધારક છે અને તેમાં આશરે દોઢ લાખ કરોડ રૂપિયા જમા છે. આ દર્શાવે છે કે બેન્કિંગ સુવિધાએ લોકોને સલામત ભવિષ્ય માટે નાણાં જમા કરવા માટેનો સલામત આધાર આપ્યો છે. જનધન માત્ર બેન્ક ખાતું નથી, પણ ખાતાધારકના પરિવાર માટે 'સંકટ સમયની સાંકળ 'સમાન છે, જે વીમાની સુવિધા પણ આપે છે.

કોઇ પણ દેશ સિસ્ટમથી ચાલે છે, સંસ્થાઓથી આગળ વધે છે અને આ કામ બે-ચાર મહિના કે બે-ચાર વર્ષમાં નથી થતું, પણ સતત વિકાસનું પરિણામ હોય છે. પણ આઝાદીના લાંબા સમય સુધી દેશની મોટા ભાગની વસતિ મુખ્યધારાથી વંચિત રહી ગઈ હતી. 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના સૌથી મોટા જન આર્થિક ભાગીદારી કાર્યક્રમ તરીકે જનધન યોજનાની જાહેરાત કરી, જેણે બધાંને સાથે લઈને નાણાંકીય સર્વસમાવેશિતાની અવધારણાને નવું સ્વરૂપ આપ્યું.

**સશક્તિકરણ માટે જરૂરી છે નાણાંકીય સર્વસમાવેશિતા**


ગરીબી એટલે એવી સ્થિતિ જેમાં કોઈ વ્યક્તિ પાસે જીવન જીવવા માટેની જરૂરી ચીજો જેમ કે અનાજ, પાણી, મકાન કે કપડાંનો અભાવ હોય. કોઇ પણ રાષ્ટ્રની કસોટી એ નથી કે પહેલેથી સમૃધ્ધ હોય તેમને સમૃધ્ધ બનાવવામાં આવે, પણ એમાં છે કે જેમની પાસે મર્યાદિત સાધન છે, તેમને સરકાર તરફથી પૂરતી માત્રામાં સાધન ઉપલબ્ધ કરાવવામાં આવે. ભૂતકાળમાં ગરીબી હટાવોની વાતો તો ખૂબ થઈ પણ લાંબા સમય સુધી ગરીબી નાબૂદીની દિશામાં કોઇ નક્કર પ્રયાસ ન થયો. પરિણામ એ આવ્યું કે, દેશની અડધાથી વધુ વસતિ ઔપચારિક સિસ્ટમનો ભાગ ન બની શકી. તેઓ પૂરતી બેન્કિંગ કે સરકારી સુવિધાઓ ન મેળવી શક્યા અને આવક વધારવાની તકો પણ ન મળી. તમામ દેશોના આર્થિક વિકાસનો મુખ્ય આધાર માળખાકીય વિકાસ



# મુશ્કેલ સંજોગોમાં લોકોનો સહારો બન્યાં જનધન ખાતા


**જનધન યોજનાને કારણે આજે દેશના દરેક પરિવાર પાસે ઓછામાં ઓછું એક બેન્ક ખાતું છે. યોજનાના છ વર્ષ પૂરા થતાં હવે પરિવારના તમામ પુખ્તોનું પણ ખાતું ખોલવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું. વિશ્વની આ સૌથી મોટી નાણાંકીય સર્વસમાવેશિતા યોજના છે.**

## જનધનની સફર પર એક નજર




### 63% થી વધુ જનધન ખાતા ગ્રામીણ વિસ્તારોમાં

**63.6%** ખાતા ગ્રામીણ વિસ્તારોમાં



**36.4%** શહેરોમાં જનધન ખાતા

**44.8%** અન્ય ખાતાધારક



**55.2%** મહિલા ખાતાધારક

**31 કરોડ**
થી વધુ રૂપે કાર્ડ જનધન ખાતાધારકોને જારી કરવામાં આવ્યા

**1.4 લાખ કરોડ**
થી વધુ રકમ જનધન ખાતામાં હાલમાં જમા છે

**2 લાખ**
બેન્ક મિત્ર દેશભરમાં બેન્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવી રહ્યા છે

**1,80,96,130**
એક સપ્તાહમાં સૌથી વધુ બેન્ક ખાતા ખોલવા માટે ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો

(આંકડા 23 જુલાઈ, 2021 સુધી)

### ફાયદાનો સોદો જનધન

**02** લાખ રૂપિયાનો અકસ્માત વીમો મફતમાં આપવામાં આવ્યો 28 ઓગસ્ટ 2018 પછી ખોલવામાં આવેલા રૂપે કાર્ડ પર

**10** હજાર રૂપિયા કરવામાં આવી જનધન ખાતા પર ઓવરડ્રાફ્ટની મર્યાદા, પહેલાં તે રૂ. 5,000 હતી

> “20 કરોડથી વધુ મહિલાઓના ખાતામાં રૂ. 500-500ના ત્રણ હપ્તા લોકડાઉન દરમિયાન સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા. ગરીબ, વડીલ, માતાઓ-બહેનો અને દિવ્યાંગજનોને પણ રૂ. 1,000ની મદદ સીધી ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી. જરા વિચારો, જો જનધન ખાતા ન ખોલાવ્યા હોત, મોબાઇલ અને આધાર સાથે તેને ન જોડવામાં આવ્યા હોત તો આ કઈ રીતે શક્ય બન્યું હોત
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

હોય છે. પાયો જ નબળો હોય તો વ્યવસ્થાને મજબૂત ન બનાવી શકાય. આ બાબતને ધ્યાનમાં રાખીને કેન્દ્રમાં આવેલી સરકારે 2014 પરિવર્તનની પહેલ કરી અને નાણાંકીય સર્વસમાવેશિતાનું નવું પ્રકરણ શરૂ કર્યું. હેતુ હતો સમાજના છેવાડાના માનવી સુધી આર્થિક વિકાસનો લાભ પહોંચાડવો. નાણાંકીય સર્વસમાવેશિતા એટલે ઓછી આવક ધરાવતા લોકો અને સમાજના વંચિત વર્ગને પેમન્ટ, લોન, બચત જેવી નાણાંકીય સેવાઓ કિફાયતી દરે પૂરી પાડવી. બેન્કોમાંથી મળતી આવી સુવિધાના અભાવે લોકો મજબૂરીમાં અનૌપચારિક બેન્કિંગ ક્ષેત્ર અથવા તો શાહુકારોનો આશરો લે છે, જ્યાં ઊંચું વ્યાજ વસૂલીને ગરીબોનું શોષણ

**"**

**મારા માટે JAM નો મતલબ છે મહત્તમ લક્ષ્યની પ્રાપ્તિ. ખર્ચ થનારા પ્રત્યેક રૂપિયાનો સાચો ફાયદો. દેશના ગરીબોનું સશક્તિકરણ. લોકોમાં ટેકનોલોજીનો મહત્તમ ફેલાવો.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન


કરવામાં આવે છે. વિવિધ અહેવાલોના આધારે કહીએ તો ભારતમાં 95 ટકા સુધીનો વ્યવહાર રોકડમાં થતો હતો. સરકારી યોજનાઓનો લાભ 100 ટકા લાભાર્થીઓ સુધી પહોંચવાને બદલે વચેટિયાઓ કટકી કરી લેતા હતા. ભ્રષ્ટાચાર જાણે કે સિસ્ટમનો ભાગ બની ગયો હતો.


### લોકોને અધિકાર આપવાનું લક્ષ્ય

ગરીબી નાબૂદી માટેનાં કોઈ પણ પગલાંની સફળતા સરકારના અભિગમ પર આધાર રાખે છે. નરેન્દ્ર મોદી સરકારની નીતિ અને અભિગમ ગરીબોને અધિકાર આપવાનો છે, અધિકારો પર આશ્રિત બનાવવાનો નહીં. એટલાં માટે જ કેન્દ્ર સરકારે લોકપ્રિયતાનો શોર્ટ કટ અપનાવવાને બદલે લાંબા સમય સુધી ફાયદો પહોંચે તેવા કાર્યક્રમોની શરૂઆત કરી, જે અંતર્ગત એવા સંસાધન અને તકો આપી કે જેનાથી ગરીબો અને વંચિતોના જીવન ધોરણમાં સુધારો આવ્યો. સરકાર હવે ગરીબોને આત્મનિર્ભર, સ્વાવલંબી બનાવવાની સાથે સાથે તેમને પોતાના પરિવાર દેખભાળ કરવા માટે સક્ષમ બનાવવા પણ પ્રોત્સાહિત કરી રહી છે. એટલે જ આજે દરેક ગરીબ પરિવારનું બેન્ક ખાતું છે, તેઓ ધિરાણ અને વીમો લઈ શકે છે, ઉચ્ચ શિક્ષણ અને કૌશલ્ય મેળવવાની તકો છે, આરોગ્ય વીમો, વીજળી, રસ્તા સહિતની માળખાગત સુવિધાઓ છે. દરેક ગ્રામીણ અને શહેરી ઘરોમાં શૌચાલય બની ગયા છે. મહિલાઓને એલપીજીથી ચાલતા સ્ટવ, અને રાંધણગેસના જોડાણ આપવામાં આવ્યા છે. એક બાજુ ગરીબોને અધિકાર આપવામાં આવી રહ્યા છે, તો બીજી બાજુ તેમની સામાજિક સુરક્ષા પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. અન્ન સલામતી કાયદાનો અસરકારક અમલ કરવાની સાથે સાથે પ્રધાનમંત્રી આવાસ, યોજના, સર્વશિક્ષા અભિયાન, મનરેગા દ્વારા આવક પૂરી પાડવામાં આવી રહી છે. કોઈ ભારતીય ભુખ્યો ન સૂવે અને તેને એ વાતની ચિંતા ન રહે કે કાલે શું થશે. આ સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકારે 'જનધન-આધાર-મોબાઈલ' (JAM)નો શક્તિશાળી સામાજિક

## ડીબીટી એટલે કે 100માંથી 100 પૈસા જરૂરિયાતમંદોને

એક ભૂતપુર્વ વડાપ્રધાને કહ્યું હતું, દિલ્હીથી ગરીબો માટે નીકળતો એક રૂપિયો તેમનાં સુધી પહોંચતા પહોંચતા 15 પૈસા થઈ જાય છે. એટલે કે 85 પૈસા ભ્રષ્ટાચારમાં ખવાઈ જાય છે. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનનું પરિણામ છે કે ડીબીટીને કારણે હવે એક રૂપિયામાંથી પૂરા 100 પૈસા જરૂરિયાતમંદ સુધી પહોંચી રહ્યા છે. એલપીજીથી માંડીને ખાતર સુધીની સબસિડી જે પહેલાં રોકડમાં આપવામાં આવતી હતી, તે હવે સીધી લાભાર્થીઓના બેન્ક ખાતામાં મોકલવામાં આવી રહી છે. વચેટિયાઓ અને દલાલોને ખતમ કરીને ભ્રષ્ટાચાર પર સૌથી મોટો ફટકો પડવા માટે ડીબીટી જવાબદાર છે. અત્યાર સુધી 54 મંત્રાલયોની 318 યોજનાઓને ડીબીટી દ્વારા જોડવામાં આવી છે. 'પહલ' યોજનાએ વિશ્વની સૌથી મોટી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજના હોવા બદલ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવ્યું છે. 'પહલ' યોજના અંતર્ગત એલપીજી સબસિડી સીધી બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે.




**₹ 17.44 લાખ કરોડ** થી વધુ રકમ ડીબીટી દ્વારા અત્યાર સુધી સીધી ખાતામાં જમા કરવામાં આવી છે

# DBT :પ્રભાવી, પારદર્શી, વિશ્વસનીય વ્યવસ્થા

**અંદાજિત બચત / લાભ (કરોડ રૂપિયામાં) માર્ચ 2020 સુધી**

| મંત્રાલય \ વિભાગ | યોજના | બચત | લીકેજ પ્રુફ સિસ્ટમ આ રીતે બની |
|---|---|---|---|
| ખાતર વિભાગ | ખાતર | **10,000.00** | રિટેલ વેપારીઓને ખાતર વેચાણમાં 120.88 લાખ મેટ્રિક ટનનો ઘટાડો |
| ગ્રામીણ વિકાસ વિભાગ | મનરેગા | **25,672.36** | પ્રાદેશિક અભ્યાસનાં આધારે નકલી / ડુપ્લિકેટ, બિનપાત્ર લાભાર્થીઓને દૂર કરવામાં આવ્યા. તેનાથી અંદાજે 10 ટકા બચત થઇ હોવાનો મંત્રાલયનો અંદાજ |
| ગ્રામીણ વિકાસ વિભાગ સહાયતા કાર્યક્રમ | રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ | **524.31** | 7.5 લાખ ડુપ્લિકેટ નકલી / અસ્તિત્વ વગરના, બિનપાત્ર લાભાર્થીઓ (કેટલાંકનાં મૃત્યુ સહિતનાં કારણોસર) ને દૂર કરવામાં આવ્યા |
| મહિલા અને બાળવિકાસ મંત્રાલય | અન્ય | **1523.75** | 98.8 લાખ ડુપ્લિકેટ, નકલી લાભાર્થીઓ દૂર કરવામાં આવ્યા |
| અન્ય | અન્ય | **1120.69** | |
| પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય | પહલ | **71,301.00** | 4.49 કરોડ ડુપ્લિકેટ, નકલી / વર્તમાન નિષ્ક્રિય એલપીજી કનેક્શન સમાપ્ત કરવામાં આવ્યા. 1.71 કરોડ ગેસ સબસિડી ધરાવતા નવા ગ્રાહકો જોડવામાં આવ્યા. આમાં 1.05 કરોડ એવા ગ્રાહકો છે જેમણે વડાપ્રધાન મોદીનાં આહવાનથી સબસિડી જતી કરી |
| અન્ન અને જાહેર વિતરણ પ્રણાલિ | વિતરણ પ્રણાલિ | **66,896.87** | 2.98 કરોડ નકલી, બિનપાત્ર, વિતરણ વિભાગ, ગેરહાજર (મૃત્યુ કે અન્ય કારણોસર) લોકોને દૂર કરવામાં આવ્યા |
| લઘુમતી કાર્યો | શિષ્યવૃત્તિ યોજના | **1,022.15** | 12.86 લાખ ડુપ્લિકેટ, નકલી / ગેરહાજર લાભાર્થીઓને દૂર કરવામાં આવ્યા |
| સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | શિષ્યવૃત્તિ યોજના | **335.52** | 1.191 લાખ ડુપ્લિકેટ નકલી / ગેરહાજર લાભાર્થીઓ દૂર કરવામાં આવ્યા |
| કુલ | | **1,78,396.65** | |

## કોવિડ સમયમાં DBTનો મોટો આશરો

**42 કરોડ**
**લોકોના ખાતામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત આશરે રૂ. 69,000 કરોડની મદદ**

**20 કરોડ**
**થી વધુ મહિલાઓના જનધન ખાતામાં રૂ. 30,000 કરોડથી વધુ ટ્રાન્સફર**

**1.83 કરોડ**
**શ્રમિકોના ખાતામાં રૂ. 5,000 કરોડથી વધુની મદદ કરવામાં આવી**

**2.81 કરોડ**
**વૃધ્ધ, વિધવા અને દિવ્યાંગના ખાતામાં આશરે રૂ. 2800 કરોડની મદદ કરવામાં આવી**

**14 કરોડ**
**ફ્રી એલપીજી સિલિન્ડર રિફીલ કરવામાં આવ્યા પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત**

સુરક્ષા મંચ પૂરો પાડ્યો છે, જેનાથી વ્યક્તિની પોતાની ઓળખ ઊભી થાય, તેની પાસે બેન્ક ખાતુ હોય અને પોતાના મોબાઇલ ફોન દ્વારા સરકારી યોજનાઓનો લાભ ઉઠાવી શકે. સામાજિક સુરક્ષાનું આ પ્લેટફોર્મ દેશવાસીઓને સરકારની કલ્યાણકારી સેવાઓ ઉપલબ્ધ કરાવે છે.

**જનધન-આધાર-મોબાઈલ' (JAM)**

દેશનાં લગભગ તમામ વર્ગ કોઇને કોઇ રીતે નાણાંકીય સિસ્ટમ સાથે જોડાઇ ગયા છે. ગરીબ, ખેડૂત, પશુપાલક, માછીમાર, નાના




# 'સ્ટેન્ડઅપ ઇન્ડિયા'ને કારણે નાના વેપારીઓને પ્રોત્સાહન

**ભારત જેમ જેમ પ્રગતિ કરી રહ્યું છે, તેમ તેમ લોકોની આશા-અપેક્ષા વધી રહ્યાં છે. મહિલાઓ, અનુસૂચિત જાતિ, જનજાતિના અનેક લોકો પોતાનો ઉદ્યોગ શરૂ કરવા માગે છે અને જીવનમાં પ્રગતિ કરવામાં માને છે. આવા સાહસિકો સમગ્ર દેશમાં છે. તેમની પાસે વેપાર અંગેના અનેક આઇડિયા છે, જેનાં આધારે તેઓ પોતાની અને પોતાના પરિવારની જીંદગી સુધારવા માગે છે. પણ તેમને પોતાના સ્વપ્નને વાસ્તવિકતામાં બદલવામાં પડકારોનો સામનો કરવો પડે છે. આ પડકારોને ધ્યાનમાં રાખતા 5 એપ્રિલ, 2016નાં રોજ 'સ્ટેન્ડ અપ ઇન્ડિયા' યોજના શરૂ કરવામાં આવી. આ યોજનાનો હેતુ આર્થિક સશક્તિકરણ અને રોજગાર સર્જન પર વિશેષ ભાર મૂકીને પાયાના સ્તરને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે.**

**05** વર્ષ પૂરા થતાં આ યોજનાને 2025 સુધી લંબાવવામાં આવી છે. કૃષિ સંબંધિત ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓને પણ તેમાં સામેલ કરવામાં આવી છે.

**₹26000 કરોડ** થી વધુ રકમની 1,16,000થી વધુ લોન અરજી જૂન 2021 સુધી સ્વીકારાઇ

**15%** કરવામાં આવી માર્જિન મનીની જરૂરિયાત, જે અગાઉ 25 ટકા હતી

**સ્ટેન્ડઅપ ઇન્ડિયા દ્વારા કમર્શિયલ બેન્કની દરેક શાખા ઓછામાં ઓછી એક મહિલા / એસસી / એસટી કેટેગરીની ઉદ્યોગસાહસિકને રૂ. 10 લાખથી રૂ. એક કરોડ સુધીનું ધિરાણ સરળ વ્યાજદરે આપવામાં આવે છે.**

દુકાનદાર એમ તમામ વર્ગના લોકો માટે ધિરાણની સુવિધા સરળ કરવામાં આવી છે. આજે દરેક ભારતીયની વિશિષ્ટ ઓળખ બની ચૂકેલી આધાર કાર્ડ વ્યવસ્થાને સૌ પ્રથમ નીતિગત માળખું આપીને દેશભરમાં અમલી બનાવવામાં આવી અને 1 જાન્યુઆરી, 2015નાં રોજ JAM એટલે કે જનધન-આધાર-મોબાઇલની ત્રિપાંખીય વ્યવસ્થા દ્વારા એલપીજી ગ્રાહકો માટે સબસિડીની ડાયરેક્ટ ટ્રાન્સફર (DBTL)ની શરૂઆત કરવામાં આવી, જેને 'પહલ' નામ આપવામાં આવ્યું. જે વિશ્વની સૌથી મોટી આર્થિક સહાય સ્કીમ બની અને તેને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું. DBTL દ્વારા 4.49 કરોડ નકલી એલપીજી જોડાણો શોધી કાઢીને માર્ચ 2020 સુધી રૂ. 71,000 કરોડની બચત કરવામાં આવી. બીજા મંત્રાલયોની સામાજિક સુરક્ષા યોજનાઓમાં ભ્રષ્ટાચારના આંકડા પણ ઉમેરીએ તો JAM ને કારણે રૂ. 1,78,000 કરોડનું લીકેજ રોકવામાં આવ્યું. આ વ્યવસ્થાને કારણે લાભાર્થી સુધી વધુને વધુ પહોંચ સુનિશ્ચિત બની છે. લીકેજ પ્રુફ ડિજિટલ વ્યવસ્થાએ સરકારને સમગ્ર દેશનાં રસોડાંમાં રાંધણગેસની સુવિધા પૂરી

# સ્વરોજગારનું સપનું મુદ્રા યોજનાથી પૂરું થયું

એવાં ઘણાં લોકો છે જેઓ પોતાનો વેપારધંધો શરૂ કરવા માગે છે પણ પૈસાના અભાવે નથી કરી શકતા. આવા લાખો લોકોનું સપનું પૂરું કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એપ્રિલ 2015માં મુદ્રા (Micro Units Development and Refinance Agency) યોજનાની શરૂઆત કરી હતી. તેની પાછળ બે હેતુ છેઃ

**01** સ્વરોજગાર માટે સરળતાથી લોન

**02** નાના ઉદ્યોગસાહસિકોને રોજગાર સર્જન

- 16 લાખ કરોડ રૂપિયાની 30 કરોડથી વધુ લોન યોજનાની શરૂઆતથી જૂન 2021 સુધી વિતરીત કરવામાં આવી છે
- પ્રધાનમંત્રી મુદ્રા યોજના દ્વારા 2015થી 2018 દરમિયાન 10 કરોડથી વધુ વધારાની રોજગારીનું સર્જન કરવામાં મદદ મળી છે, જેમાં 69 લાખ મહિલાઓ સામેલ છે.
- લગભગ 51 ટકા ધિરાણ અનુસૂચિત જાતિ/જનજાતિ તથા અન્ય પછાત વર્ગોને આપવામાં આવ્યું છે
- અનુસૂચિત જાતિ અને જનજાતિના ઋણધારકોનો હિસ્સો 22.53 ટકા છે
- અન્ય પછાત વર્ગોના ઋણધારકોનું પ્રમાણ 28.42 ટકા છે. લગભગ 11 ટકા ઋણ લઘુમતી સમુદાયની વ્યક્તિઓને આપવામાં આવ્યું છે.

**આ સ્કીમમાં ત્રણ શ્રેણી-શિશુ, કિશોર અને તરૂણ લોન અંતર્ગત મેન્યુફેક્ચરિંગ, વેપાર અને સેવા અને કૃષિ ક્ષેત્ર સંબંધિત પ્રવૃત્તિઓ માટે ગેરન્ટી-ફ્રી લોન આપવામાં આવે છે. જરૂર પડે ત્યારે પૈસા ઉપાડવા માટે મુદ્રા કાર્ડ પણ આપવામાં આવે છે**

### શિશુ મુદ્રા લોન

**₹50000** સુધીની લોન પૂરી પાડવામાં આવે છે


### કિશોર મુદ્રા લોન


**₹50000-500000** સુધીની લોન પૂરી પાડવામાં આવે છે

### તરૂણ મુદ્રા લોન


**₹500000 -1000000** સુધીની મુદ્રા લોન પૂરી પાડવામાં આવે છે આ શ્રેણી અંતર્ગત

## અત્યાર સુધી અપાયેલી મુદ્રા લોન



લગભગ 24 ટકા ધિરાણ નવા ઉદ્યોગસાહસિકોને આપવામાં આવ્યું છે



લગભગ 68 ટકા ઋણ મહિલા ઉદ્યોગસાહસિકોને આપવામાં આવ્યું છે

પાડવાનો આર્થિક આધાર આપ્યો છે. જનતા સાથે જોડાયેલી યોજનાને જનતાના સહયોગથી જનતા સુધી પહોંચાડવાની નીતિ મોદી સરકારના સુશાસનનો પર્યાય છે. આ યોજના માટે માળખું તૈયાર કર્યા બાદ વડાપ્રધાને 27 માર્ચ, 2015નાં રોજ પેટ્રોલિયમ મંત્રાલયના ઉર્જા સંગમ કાર્યક્રમમાં 'ગિવ ઇટ અપ'ની અપીલ કરી. તેમણે સંપન્ન લોકોને એલપીજી સબસિડી જતી કરવાનો આગ્રહ કર્યો અને કહ્યું કે, આ અભિયાનમાંથી જે પૈસા બચશે તે સરકારની તિજોરીમાં નહીં પણ ગરીબોને આપવામાં આવશે. તેમનું આ સૂચન ઉજ્જવલા યોજનાનો પાયો બન્યું. વડાપ્રધાનના આ આહવાનમાં સક્ષમ વર્ગે સંપૂર્ણ સહયોગ આપ્યો અને જોતજોતામાં 1.08 કરોડ ગ્રાહકોએ સ્વૈચ્છિક રીતે ગેસની સબસિડી જતી કરી. આને કારણે ઉજ્જવલા યોજના માત્ર ગેસ કનેક્શન પૂરતી મર્યાદિત રહેવાને બદલે દેશના ગરીબ-મધ્યમ વર્ગની જીવનધારા બની ગઈ. કેન્દ્ર સરકારે સામાજિક-આર્થિક મદદ સાથે સંકળાયેલી તમામ યોજનાઓને આધાર સાથે જોડી દીધી છે, જેથી ગામ, ગરીબ, યુવાનો, મહિલાઓ અને લાભાર્થીઓ સુધી 100 ટકા લાભ પહોંચે.



**નાણાંકીય સમાવેશિતાને પ્રોત્સાહન આપવા e-KYCમાં ઇ-સિગ્નેચરના ઉપયોગને મંજૂરી આપી અને 2020માં વિડિયો KYC જેવું પરિવર્તનકારી પગલું લેવામાં આવ્યું**

## પરિવર્તન લાવનારી યોજનાઓ

ભારત તેની આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરી ચૂક્યો છે ત્યારે સામાજિક સહાયતાની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચી છે અને લોકોના જીવનધોરણમાં સુધારો આવ્યો છે. કેન્દ્ર સરકારના 54 મંત્રાલયોની 318થી વધુ યોજનાઓનો લાભ હવે સીધો લાભાર્થીઓના બેન્ક ખાતામાં પહોંચી રહ્યો છે. તેમાં કિસાન સન્માન નિધિ, મુદ્રા ધિરાણ, મનરેગા, સુરક્ષા બીમા યોજના, સાર્વજનિક જન વિતરણ પ્રણાલિ, ખાતર સબસિડી, પ્રધાનમંત્રી આવાસ યોજના, એસસી-એસટી-ઓબીસી અને લઘુમતી વિદ્યાર્થીઓને મળનારી સબસિડી, આંગણવાડી દ્વારા પોષણ સુરક્ષા અભિયાન, સ્વરોજગાર માટે ધિરાણ, એમએસએમઈને સસ્તું ધિરાણ અને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શૌચાલય નિર્માણ જેવી સેંકડો યોજનાનો સીધો લાભ લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યો છે.

ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના પરિણામ હવે સામે આવી રહ્યા છે. મુદ્રા યોજના દ્વારા વીતેલા વર્ષોમાં નાના ઉદ્યોગ સાહસિકો સુધી આશરે રૂ. 15 લાખ કરોડથી વધુનું ધિરાણ પહોંચ્યું છે, જેમાં 70 ટકાથી વધુ મહિલાઓ, 50 ટકાથી વધુ અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત અને વંચિત વર્ગના ઉદ્યોગ સાહસિકો છે. પીએમ કિસાન યોજના દ્વારા આશરે 11 કરોડ ખેડૂત પરિવારોના ખાતામાં રૂ. 1,37,000 કરોડથી વધુની આર્થિક સહાય પહોંચી છે. કોવિડ સમયમાં શરૂ કરવામાં આવેલી પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત પ્રથમ વાર લારીવાળાઓને રૂ. 10,000નું ધિરાણ આપવામાં આવ્યું છે. યુપીઆઈ દ્વારા દર મહિને સરેરશ રૂ. ચાર લાખ કરોડથી વધુની લેવડદેવડ થઈ રહી છે અને રૂપે કાર્ડની સંખ્યા પણ 60 કરોડને વટાવી ગઈ છે. આધાર દ્વારા સ્થળ પર જ વેરિફિકેશન, ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કનું વિશાળ નેટવર્ક, લાખો કોમન સર્વિસ સેન્ટર્સ સ્થપાવાથી દેશના અંતરિયાળ વિસ્તારો સુધી નાણાંકીય સેવાઓ પહોંચી છે. આજે દેશમાં, બે લાખથી વધુ બેંક મિત્ર આધારયુક્ત પેમેન્ટ સિસ્ટમ AePS ની મદદથી ગામડાંમાં લોકોનાં ઘર સુધી બેન્કિંગ સેવાઓ પૂરી પાડે છે. કોવિડ સમયમાં ગયા વર્ષે એપ્રિલથી જૂન દરમિયાન આ બેન્ક મિત્રોએ AePS ઉપકરણની મદદથી ગ્રામીણોને રૂ. 53,000 કરોડથી વધુની લેવડદેવડ કરવામાં મદદ કરી હતી.

સામાજિક નાણાંકીય સર્વસમાવેશિતા જ નહીં, ભૌગોલિક સમાવેશિતા પણ થઈ રહી છે. ગોવા હોય કે કર્ણાટક, મહારાષ્ટ્ર હોય કે ગુજરાત, રાજસ્થાન હોય કે હરિયાણા, દેશનો પશ્ચિમ છેડો હોય કે પૂર્વી છેડો, તમામ રાજ્યોમાં સમાન રીતે બેન્કિંગ વ્યવસ્થાથી માંડીને સંસાધનોની પહોંચ સુનિશ્ચિત થઈ રહી છે.

## સમાવેશિતાની નવી નીતિથી સશક્ત ભારત

નાણાંકીય યોજનાઓને ડિજિટલ પ્લેટફોર્મ પર લઈ જવાના અને 'સબકા સાથ, 'સબકા વિકાસ, સબકા વિશ્વાસ' મંત્રને છેવાડાના માણસ સુધી લઈ જવાના સંકલ્પના પરિણામે ભારતમાં લોકોને ગરીબીમાંથી બહાર લાવી શકાયા છે. આઝાદી વખતે ભારતની વસતિ 35 કરોડ હતી અને 70 ટકા લોકો ગરીબી રેખાથી નીચે હતા. આજે 130 કરોડથી વધુ વસતિ છે અને નાણાંકીય સર્વસમાવેશિતાની યોજનાઓ લોકોને ગરીબી રેખાની ઉપર લાવવામાં મદદરૂપ સાબિત થઈ રહી છે. દરેક નાગરિકને સશક્ત બનાવવા, સરકારના આર્થિક અને સામાજિક કલ્યાણના એજન્ડાને વ્યવસ્થિત કરવા અને સંસાધનોની ફાળવણી માટે સર્વસમાવેશિતા મહત્વપૂર્ણ માધ્યમ છે. તેનાં દ્વારા ઘરેલુ બચત અને સ્થાનિક ખર્ચને પ્રોત્સાહન આપીને તેને ઔપચારિક નાણાંકીય વ્યવસ્થા અંતર્ગત લાવી શકાય છે. 2014 પહેલાં નાણાંકીય સર્વસમાવેશિતા અશક્ય લાગતી હતી, પણ એ પછી પ્રથમ વાર બેન્કિંગ અને નાણાંકીય સેવાઓની પહોંચ તમામ લોકો સુધી સુનિશ્ચિત કરવાની પહેલ થઈ. વીતેલા કેટલાંક વર્ષોમાં નાણાંકીય સર્વસમાવેશિતાને મિશન બનાવીને વ્યૂહ ઘડવામાં આવ્યા અને બહુપાંખીય પગલાં લેવામાં

# ડિજિટલ દ્વારા ભ્રષ્ટાચાર પર અંકુશ

નાણાંકીય સર્વસમાવેશિતાની યોજનાઓને કારણે ભ્રષ્ટાચાર નાબૂદ થયો છે. ડિજિટલ ટેકનિક લોકોનુ જીવન ધોરણ સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. હવે સમાજના છેવાડાનો ગરીબ દેશના અર્થતંત્રનો મહત્વનો હિસ્સો બન્યો છે અને નાણાંકીય સલામતી અનુભવી રહ્યો છે. ખર્ચ પર નિયંત્રણ રાખીને ભવિષ્ય માટે બચતની પ્રવૃત્તિ વધી છે. ધનિકોની જેમ હવે ગરીબો પણ રૂપે કાર્ડના રૂપમાં ડેબિટ-ક્રેડિટ કાર્ડ રાખવા માંડ્યા છે અને સ્વમાનની લાગણી અનુભવી રહ્યા છે. આર્થિક લેવડદેવડ માટે સ્માર્ટફોનની સાથે સાથે સામાન્ય મોબાઈલનો પણ ઉપયોગ કરી શકાય તે માટે ભીમ એપ જેવી સુવિધા 35 કરોડથી વધુ લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં, "એમ-ગવર્નન્સને કારણે સુશાસન મજબૂત થાય છે. તેમાં વિકાસને સમાવેશી અને વ્યાપક જનઆંદોલન બનાવવાની ક્ષમતા છે. તેને કારણે દરેક વ્યક્તિ શાસન સુધી પહોંચી શકે છે. તેનાં દ્વારા શાસન સુધી તમારી પહોંચ 24x7 રહેશે." હવે જ્યારે ડિજિટલ લેવડદેવડ અને સરકારની કલ્યાણકારી યોજનાઓમાં ડીબીટી મહત્વનું બની ગયું છે ત્યારે સાયબર સલામતીની ખાતરી આપવી એ સરકારની ફરજ બની ગઈ છે. ઈન્ટરનેટની પ્રકૃતિ પણ સમાવેશી છે. સંતુલિત વિકાસ માટે સુરક્ષિત અને સમાવેશી



સાયબર સ્પેસ પણ મહત્વનાં છે, કારણ કે ફ્રી અને એક્સેસેબલ ઈન્ટરનેટ ઘણી વાર અસલામતી તરફ લઇ જાય છે. રાજકીય ઈચ્છાશક્તિ, યોગ્ય નિયમનકારી વાતાવરણ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે ભારત હવે સંપૂર્ણ રીતે જવાબદાર, પારદર્શક ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ સિસ્ટમ વિકસાવવામાં વૈશ્વિક અગ્રણી બનવાને આરે છે. દરેક સરકારી વિભાગે ફોન અને ઓનલાઈન પધ્ધતિઓ દ્વારા ફરિયાદો નોંધવાનું શરૂ કરી દીધું છે અને નિશ્ચિત સમયમર્યાદામાં ફરિયાદોનો નિકાલ થઈ જાય છે. કોઇ પણ નવી સિસ્ટમની સફળતા સુનિશ્ચિત કરવા પારદર્શિતા મહત્વની છે. વિવિધ સેવાઓ માટેનાં જટિલ નિયમો અને શરતો, છુપી ફી અને રહસ્યમયી ભાષા દ્વારા ગ્રાહકો છેતરાઇ જાય છે અને તેમનો વિશ્વાસ હાંસલ કરવામાં મોટો અવરોધ આવે છે. આ સ્થિતિમાં આર્થિક સાક્ષરતા અત્યંત મહત્વની છે અને તેમાં ડિજિટલ સેવા અસરકારક, પારદર્શક અને વિશ્વસનીય બનીને ઊભરી છે. ફાઈનાન્સિયલ ટેકનોલોજીમાં ઈનોવેશનને પ્રોત્સાહન મળી રહ્યું છે અને નાણાંકીય ઉત્પાદન સેવાઓને સુનિયોજીત રીતે આગળ વધારવામાં આવી રહી છે,. જેથી નાગરિકોને ગરીબીની જાળમાંથી બહાર કાઢીને નાણાંકીય સર્વસમાવેશિતા હેઠળ લાવી શકાય.

આવ્યા. એ દિવસો હવે ગયા કે જ્યારે એકાઉન્ટ ખોલવા માટે તમારે બેન્કની વ્યક્તિગત મુલાકાત લેવી પડતી હતી. હવે, માત્ર એક ક્લિક કરતાની સાથે બેન્ક તમારી સામે હાજર થઈ જાય છે. લોકોના જીવનને સરળ બનાવવાની દિશામાં આ ક્રાંતિકારી પગલું સાબિત થયું છે, જે સામાન્ય નાગરિકો અને સર્વિસ પ્રોવાઈડર્સના પ્રતિભાવનું સન્માન કરે છે. બેન્કિંગ સિસ્ટમમાં પોતાના ગ્રાહકોનું વેરિફિકેશન કરવા આધાર નંબરની ઓળખ મહત્વની પધ્ધતિ છે. ભારતમાં મધ્યમ વર્ગના ગ્રાહકોની સંખ્યા હવે ત્રણ કરોડને વટાવી ચૂકી છે, જે આગામી 10 વર્ષમાં બમણી થવાની સંભાવના છે. નાણાંકીય સર્વસમાવેશિતા આર્થિક વૃધ્ધિ અને ગરીબી નાબૂદી માટેનું મહત્વનું સીમાચિહ્ન છે કારણ કે તેના દ્વારા ઔપચારિક રીતે ભંડોળ મળે છે, રોજગાર સર્જન થાય છે અને આર્થિક આંચકાની સંભાવના ઘટી જાય છે. આ ઉપરાંત, વેલ્યુ કેપિટલમાં રોકાણ પણ વધ્યું છે.

2030 યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs)માં નાણાંકીય સર્વસમાવેશિતા સાતમો ધ્યેય છે. તેથી, કેન્દ્ર સરકારની પહેલથી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ નાણાંકીય સર્વસમાવેશિતા માટે નેશનલ એક્શન પ્લાન 2019-2024 પર ઝડપથી કામ શરૂ કરી દીધુ છે.

આર્થિક પુનરોત્થાનની ભારતીય ગાથા એશિયાના અનેક ભાગોમાં થયેલી પ્રગતિને અત્યંત નજીકથી પ્રતિબિંબિત કરે છે. હવે આ મહાદ્વિપ વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયું છે એટલું જ નહીં પણ વિશ્વનું મુખ્ય વિકાસ એન્જીન બની ગયું છે. એક 'નવું ભારત' ઊભરી રહ્યું છે. એક એવું ભારત જે તમામને આર્થિક તકો, નોલેજ ઇકોનોમી, સંપૂર્ણ વિકાસ અને અત્યાધુનિક ડિજિટલ માળખાકીય સ્તંભ પર ટકેલું છે.

પ્રધાનમંત્રી જન-ધન યોજના દ્વારા નાણાંકીય સર્વસમાવેશીતા માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં આર્થિક જગતના પંડિતોમાં ચર્ચાનો વિષય બની ચૂકી છે. હવે દેશ તેનાં વિક્સિત વિસ્તારો, વિકાસની સંભાવના ધરાવતા વિસ્તારો, વિકાસથી વંચિત વિસ્તારોને માપદંડ બનાવીને સમાવેશિતાના અનોખા મોડલને આકાર આપીને વિશ્વમાં આર્થિક તાકાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. નાણાંકીય સર્વસમાવેશીતા અને નાણાંકીય સશક્તિકરણ દ્વારા ભારત નવા યુગની એક એવી ગાથા લખવા જઈ રહ્યું છે, જે સામાજિક કલ્યાણનો નવો અધ્યાય રચશે ●






# લડાખમાં સેન્ટ્રલ યુનિવર્સિટીઃ સ્પે. સ્ટીલ સેક્ટર માટે PLI સ્કીમ

**કેન્દ્ર સરકારે નવા રચાયેલા કેન્દ્રશાસિત પ્રદેશ લડાખમાં કોર્પોરેશનની રચના માટે મંજૂરી આપી છે. રાજ્યમાં વિકાસ પ્રવૃત્તિઓને વેગ આપીને આત્મનિર્ભર બનાવી શકાય તે હેતુથી પ્રથમ વાર આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, સરકારે સ્પેશ્યાલિટી સ્ટીલ સેક્ટરને આત્મનિર્ભર બનાવવાના હેતુથી પ્રોડક્શન-લિન્ક્ડ ઇન્સેન્ટિવ (PLI) સ્કીમને મંજૂરી આપી છે. 2020-21માં ભારતે 40 લાખ ટન સ્પેશ્યાલિટી સ્ટીલની આયાત માટે રૂ. 30,000 કરોડનો ખર્ચ કર્યો હતો.**

નિર્ણયઃ **કેન્દ્રશાસિત પ્રદેશ લડાખ માટે ઇન્ટિગ્રેટેડ મલ્ટીપરપઝ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના માટે મંજૂરી**

અસરઃ રૂ. 25 કરોડની શેર મૂડી સાથે સ્થપાનાર કોર્પોરેશન આ વિસ્તારના વિકાસ માટે સમર્પિત પ્રથમ સંસ્થા હશે.

- કોર્પોરશનની સ્થાપનાથી સમગ્ર વિસ્તાર અને કેન્દ્રશાસિત પ્રદેશના લોકોનો સામાજિક-આર્થિક વિકાસ થશે.
- કોર્પોરેશન સ્થાનિક પ્રોડક્ટસ, હેન્ડીક્રાફ્ટ્સ ઉદ્યોગ, પર્યટન, ટ્રાન્સપોર્ટેશન અને માર્કેટિંગના પ્રમોશન માટે કામ કરશે.
- કોર્પોરેશન લડાખમાં માળખાકીય વિકાસ માટે મુખ્ય કન્સ્ટ્રક્શન એજન્સી તરીકે કામ કરશે
- રોજગારની તકો પેદા કરવાની સાથે સાથે લડાખ વિસ્તારના સર્વાંગી અને સંકલિત વિકાસને સાકાર કરશે
- કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર માટે રૂ. 1,44,200 – રૂ.2,18,200ના પગારમાં એક હોદ્દો ઊભો કરવાની પણ મંજૂરી આપી

નિર્ણયઃ **કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા પછી લડાખમાં પ્રથમ ઉચ્ચ શિક્ષણ સંસ્થા સેન્ટ્રલ યુનિવર્સિટી માટે મંજૂરી**

અસરઃ સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થપાવાથી સમગ્ર વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ અંગેની અસમાનતા દૂર થશે અને સ્થાનિક શિક્ષણ સંસ્થાઓની કામગીરી પણ સુધરશે. તેનાં પ્રથમ તબક્કાનું કામ ચાર વર્ષમાં પૂરું થશે. જો કે, જ્યાં સુધી બિલ્ડીંગનું નિર્માણ ન થાય ત્યાં સુધી ભાડાંની જગ્યા પર તેનો પ્રારંભ કરી શકાય છે. આ અંગેનો નિર્ણય સ્થાનિક સ્તરે સંસાધનોની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવશે.

નિર્ણયઃ **આત્મનિર્ભર ભારત માટે સ્ટીલ સેક્ટરને મજબૂત કરવા સ્પેશ્યાલિટી સ્ટીલ માટે પીએલઆઇ સ્કીમને મંજૂરી**

અસરઃ સ્પેશ્યાલિટી સ્ટીલના સ્થાનિક ઉત્પાદન માટે પાંચ વર્ષ (2023-24થી 2027-28)માં રૂ. 6,322 કરોડનું પ્રોત્સાહન આપવામાં આવશે. પાત્રતા ધરાવતા ઉત્પાદકોને વૃદ્ધિગત ઉત્પાદન પર 4થી 12 ટકા સુધી પ્રોત્સાહન

- આ યોજનાથી આશરે રૂ.40,000 કરોડનું વધારાનું રોકાણ આવવાની સંભાવના છે અને 25 મિલિયન ટન વધારાની ઉત્પાદન ક્ષમતા થશે. આગામી પાંચ વર્ષમાં 42 મિલિયન ટન સ્પેશ્યાલિટી સ્ટીલનું ઉત્પાદન થશે.
- આનાથી રૂ. 2.5 લાખ કરોડનાં મૂલ્યના સ્પેશ્યાલિટી સ્ટીલનું ઉત્પાદન અને વપરાશ ભારતમાં જ થશે, જેની હાલમાં આયાત કરવામાં આવે છે. આ ઉપરાંત, સ્પેશ્યાલિટી સ્ટીલની નિકાસ હાલના 1.7 મિલિયન ટનની સરખામણીમાં 5.5 મિલિયન ટન થશે અને રૂ. 33,000 કરોડનું વિદેશી હૂંડિયામણ મળશે.
- ઉચ્ચ ગ્રેડના સ્પેશ્યાલિટી સ્ટીલનાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળશે અને આગામી પાંચ વર્ષોમાં આશરે સવા પાંચ લાખ રોજગારીની તકો પેદા થશે ●







## પ્રફુલ્લિત ભારત, પ્રેરિત ભારત

# ગર્વિત ભારત

**ટીમ ઇન્ડિયાએ ટોક્યો ઓલિમ્પિકમાં ઇતિહાસ રચ્યો છે, દાયકાઓથી દેશને આવી સફળતાની આશા હતી. ઓલિમ્પિકના ઇતિહાસમાં એથ્લેટિક્સમાં ભારતને પ્રથમ ચંદ્રક મળ્યો અને તે પણ સુવર્ણ. ભારતીય હોકી ટીમે પણ વધુ એક ઇતિહાસ લખ્યો. હોકીમાં ભારતની સફળતા સાંભળીને મોટી થયેલી પેઢીએ પ્રથમ વાર ભારતીય હોકીની સફળતા જોઇ, જેણે ભારતને 41 વર્ષ પછી પુરુષ હોકીમાં રજત ચંદ્રક અપાવ્યો. એક એવી જીત જેણે સમગ્ર દેશને ગર્વ અપાવ્યું. આ ઓલિમ્પિકમાં ભારતને એક સુવર્ણ, બે રજત અને ચાર કાંસ્ય સહિત કુલ સાત મેડલ મળ્યાં. આ ઓલિમ્પિકમાં ભારતનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કરીને કહ્યું, પ્રફુલ્લિત ભારત, પ્રેરિત ભારત, ગર્વિત ભારત.**

કોઇએ વિચાર્યું નહીં હોય કે વજન ઘટાડવા માટે જીમમાં જનારો એક છોકરો ઓલિમ્પિક સુધી પહોંચશે એટલું જ નહીં, ઓલિમ્પિકમાં એથ્લેટિક્સના ઇતિહાસમાં દેશને પ્રથમ સુવર્ણચંદ્રક અપાવશે. આ કહાની નીરજ ચોપડાની છે. ટોક્યો ઓલિમ્પિકમાં ભાલા ફેંક (જેવલિન) માં સુવર્ણચંદ્રક જીતનાર નીરજનો જન્મ 24 ડિસેમ્બર, 1997નાં રોજ હરિયાણાના ખંદ્રા ગામના ખેડૂત સતીશ અને સરોજદેવીના ઘરે થયો હતો. પાણીપતના સ્પોર્ટ્સ સ્ટેડિયમના જીમમાં નીરજે પ્રથમ વાર ભાલો જોયો તેને સ્પર્શ કર્યો અને તેને ફેંક્યો જાણે કે તેને પોતાનાં ભવિષ્ય તરફ ફેંક્યો હોય. નીરજ 2016માં લશ્કરમાં જોડાયો અને ત્યારથી તેનું ફોકસ સંપૂર્ણ રીતે રમત પર જ છે. સારી નોકરી અને વધુ સારી તાલીમ મળવાથી આંતરરાષ્ટ્રીય સ્તરના એથ્લીટ બનવાની નીરજની આશા ફરી જાગી ઉઠી. પણ એક વાર મિત્રો સાથે બાસ્કેટબોલ રમતાં રમતાં કાંડા પર ઇજા થતાં ચાર-પાંચ મહિના જેવલીનથી દૂર રહેવું પડ્યું. ઇજામાંથી બહાર આવ્યા બાદ 2016ના સાઉથ એશિયન ગેમ્સમાં નીરજે 82.23 મીટર દૂર જેવલીન ફેંકીને પોતાના પ્રથમ આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલ પર કબ્જો જમાવ્યો.

આ રીતે, ઓલિમ્પિકમાં પ્રથમ દિવસે જ ભારતને વેઇટ લિફ્ટીંગમાં રજત ચંદ્રક અપાવનાર મીરાબાઇ ચાનુનું જીવન સંઘર્ષમય રહ્યું છે. તે આઠ



"
**ભારતીય ખેલાડીઓનું જોશ, જૂનુન અને ધગશ આજે સર્વોચ્ચ સ્તર પર છે. આ આત્મવિશ્વાસ ત્યારે આવે છે જ્યારે સાચી પ્રતિભાની ઓળખ થાય, તેમને પ્રોત્સાહન મળે. આ આત્મવિશ્વાસ ત્યારે આવે છે જ્યારે સિસ્ટમ બદલાય છે, તેમાં પારદર્શિતા હોય છે. આ નવો આત્મવિશ્વાસ નવા ભારતની ઓળખ બની રહી છે.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

વર્ષની હતી તે સમયની વાત છે. તે પોતાની મોટી બેન સાથે લાકડા વીણવા પહાડ પર ગઈ હતી. લાકડના ભારો એટલો વજનદાર થઈ ગયો હતો કે મોટી બેન પરસેવે રેબઝેબ થઈ ગઈ અને આજુબાજુમાં મદદ કરનારું પણ કોઈ નહોતું. ત્યારે નાની બેને પૂછ્યું, દીદી, શું હું મદદ કરી શકું? મોટી બેનને નવાઈ લાગી કે જે ભારો એ પોતે ઉપાડી શકતી નથી તેને નાની બેન કઈ રીતે ઉપાડી શકશે, છતાં તેણે હા પાડી દીધી. નાની હોવા છતાં મીરાએ એ વજન ઉપાડી લીધું. અહીંથી વેઈટ લિફ્ટિંગની શરૂઆત થઈ, જે ઓલિમ્પિકમાં ભારતને ચંદ્રક અપાવવા સુધી પહોંચી.

## દિકરીઓએ બતાવી તાકાત, હોકીને ફરી વધાર્યું માન

મણિપુરના નાંગપોક કાકચિંગમાં સાધારણ પરિવારમાં જન્મેલી મીરાબાઈએ વેઈટ લિફ્ટિંગની અસાધારણ યાત્રા ઈમ્ફાલથી શરૂ કરી હતી. તે કહે છે, મારી કારકિર્દી બનાવવામાં ભારત સરકારનો ઘણો સહયોગ રહ્યો છે. મને ઈજા થઈ ત્યારે ઘણી સમસ્યા નડી. પણ ભારત સરકારે મને અમેરિકા મોકલી અને ઈજામાંથી સાજા થવામાં મદદ કરી. એ પછી મેં સારી રીતે તાલીમ લીધી અને વર્લ્ડ રેકોર્ડ પણ તોડ્યો.

બેડમિન્ટનમાં પીવી સિંધુએ કાંસ્યચંદ્રક અપાવ્યો. આ અગાઉ, રિયો ઓલિમ્પિક 2016માં પણ સિંધુએ દેશને રજતચંદ્રક અપાવ્યો હતો. ઓલિમ્પિકના ઈતિહાસમાં સતત બે ચંદ્રક જીતનારી સિંધુ ભારતની પ્રથમ મહિલા ખેલાડી છે. આસામના બાડોમુખિયા ગામમાં જન્મેલી લવલીના બોરગોહેને મહિલા બોક્સિંગના 69 કિલો વર્ગમાં કાંસ્યચંદ્રક જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે. ભારતની દિકરીઓએ હોકીમાં પણ પોતાની તાકાત બતાવી છે. દેશમાં હોકીનો સુવર્ણ યુગ પાછો ફરતો જોઈ શકાય છે, કારણ કે મહિલા હોકી ટીમે ઓલિમ્પિકમાં વિશ્વના ટોચના ચાર દેશોમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. ભારતની દિકરીઓએ ટોક્યોમાં ભારતનું માન વધાર્યું છે, તો પુરુષ હોકી ટીમે પણ 49 વર્ષનાં લાંબા સમયગાળા

## ટોક્યો ઓલિમ્પિકઃ ઊડતી નજરે..

- રમતગમતની સૌથી મોટી સ્પર્ધા ઓલિમ્પિકમાં પ્રથમ જ દિવસે ભારતે વિજયપતાકા લહેરાવી. ભારત તરફથી 127 ખેલાડીઓએ ભાગ લીધો, જે સ્વંતત્ર ભારતમાંથી ઓલિમ્પિક જનારી અત્યાર સુધીની સૌથી મોટી ટીમ છે.
- કોવિડ મહામારીને કારણે જાપાનની રાજધાની ટોક્યોમાં ઓલિમ્પિકનું આયોજન લગભગ એક વર્ષ મોડું થયું. આ વખતે ઓલિમ્પિકમાં પાંચ નવી રમત સામેલ કરવામાં આવી- કરાટે, સ્કેટ બોર્ડિંગ, સ્પોર્ટ ક્લાઈમ્બિંગ, સર્ફિંગ, બેઝબોલ.
- ટોક્યો ઓલિમ્પિકના મેસ્કોટને 'મિરાઈતોવા' અને 'સોમૈટી; નામ આપવામાં આવ્યું છે. જાપાનીઝ ભાષામાં 'મિરાઈ' એટલે ભવિષ્ય અને 'તોવા' એટલે શાશ્વત. જયારે સોમૈટી ગુલાબી રંગનું ચેરી બ્લોસમ છે. આ ઉપરાંત, તે એક કહેવત પણ છે- અત્યંત મજબૂત
- આ વખતે ઓલિમ્પિકમાં આપવામાં આવેલા સુવર્ણ, રજત, કાંસ્ય ચંદ્રક, પોડિયમ, યુનિફોર્મ જેવી વસ્તુઓ રિસાઈકલ્ડ મટિરિયલ્સમાંથી બનાવવામાં આવી હતી. 78,000 ટન ઈલેક્ટ્રોનિક ડિવાઈસમાંથી 5,000 મેડલ બનાવવામાં આવ્યા હતા. આ ઈલેક્ટ્રોનિક ડિવાઈસિસમાં ડિજિટલ કેમેરા, લેપટોપ, ગેમ્સ અને 62 લાખ મોબાઈલનો સમાવેશ થાય છે.









## પ્રથમ દિવસે જ ટીમ ઇન્ડિયાનું મનોબળ વધાર્યું

મીરાબાઇ ચાનુએ ભારતને રજતચંદ્રક અપાવીને ભારતને ગૌરવ અપાવ્યું એટલું જ નહીં, પોતાના સાથી ખેલાડીઓને પણ હિંમત આપી. વેઇટ લિફ્ટિંગમાં રજતચંદ્રક જીતીને ભારત પાછી આવી ત્યારે તેનું ભવ્ય સ્વાગત થયું. પોતાનો ચંદ્રક દેશને સમર્પિત કરતા તેણે કહ્યું, "ચોક્કસપણે, મારા માટે આ સપનું સાકાર થવા સમાન છે. હું આ મેડલ રાષ્ટ્રને સમર્પિત કરું છું અને દેશવાસીઓનો આભાર માનું છું, જેમની કરોડો પ્રાર્થના-શુભેચ્છાઓ ઓલિમ્પિકની સફરમાં મારી સાથે હતી. હું મારા પરિવાર અને ખાસ કરીને મારી માતાને આભાર માનું છું, જેમણે મારા પર વિશ્વાસ મૂકીને પોતાની ઇચ્છાઓનું બલિદાન આપ્યું છે. હું ભારત સરકાર, રમતગમત મંત્રાલય, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, રેલવે અને તમામ પ્રાયોજકોનો પણ આભાર માનું છું."



**ઓલિમ્પિકમાં ભારતની આ સફળતા દર્શાવે છે કે કઈ રીતે ટારગેટ ઓલિમ્પિક પોડિયમ યોજના (TOPS) જેવા કાર્યક્રમે આપણા એથ્લીટોના વિકાસ અને ભારતની ચંદ્રકો મેળવવાની અપેક્ષા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.**

**-અનુરાગ સિંહ ઠાકુર, કેન્દ્રીય રમતગમત મંત્રી**

બાદ સેમીફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. કાંસ્યચંદ્રક માટે થયેલી સ્પર્ધામાં ભારતીય હોકી ટીમે જોરદાર દેખાવ કરીને જર્મની જેવી તાકાતવાન ટીમને હરાવીને તિરંગાની શાન જાળવી. હરિયાણાના સોનેપત જિલ્લાના નહરી નામના નાના ગામનાં રવિકુમાર દહિયાએ કુશ્તીના 57 કિલો વર્ગમાં રજતચંદ્રક મેળવીને દેશનું નામ રોશન કર્યું. કુશ્તીમાં બજરંગ પુનિયા પણ કાંસ્યચંદ્રક જીત્યા. ઓલિમ્પિકના ઈતિહાસમાં કુશ્તીની રમતમાં ભારતને મળેલો આ સાતમો ચંદ્રક છે.

### રમતગમતમાં ભારતના સ્વર્ણિમ સમયની શરૂઆત

ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનો દેખાવ એ વાતની સાબિતી છે કે ટારગેટ ઓલિમ્પિક પોડિયમ (TOPS) જેવા કાર્યક્રમોએ આપણા ખેલાડીઓના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જે અંતે ચંદ્રકોમાં પરિણમી છે. મોદી સરકાર પ્રતિભાશાળી ખેલાડીઓને તાલીમ આપવાનું કામ ચાલુ રાખશે અને તેમને ટોચની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા તમામ સુવિધા પૂરી પાડશે. તેમના દેખાવે સમગ્ર દેશમાં અપેક્ષાઓ જગાવી છે. પૂર્વોત્તર રાજ્યોના વધુ ખેલાડીઓની એક પેઢીને તેમાંથી પ્રેરણા મળશે, તો અન્ય રાજ્યોમાં પણ યુવક-યુવતીઓ રમતગમત ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રીત કરવા પ્રેરાશે. ●

# હોકીના જાદુગર



**જન્મઃ 29 ઓગસ્ટ, 1905**
**મૃત્યુઃ 03 ડિસેમ્બર, 1979**

**ફુટબોલમાં પેલે, ક્રિકેટમાં બ્રેડમેન અને ટેનિસમાં રોડલેવર જેવુ જ સ્થાન હોકીમાં મેજર ધ્યાનચંદનું છે. મેજર ધ્યાનચંદ ત્રણ દાયકા કરતા વધુ સમય સુધી વિશ્વ હોકીમાં છવાયેલા રહ્યા. તેમને રમતા જોઈને ડોન બ્રેડમેને કહ્યું હતું, "હોકીમાં તેઓ એવી રીતે ગોલ કરે છે, જેમ અમે ક્રિકેટમાં રન બનાવીએ છીએ." તેમના જન્મદિવસ 29 ઓગસ્ટને આપણે રાષ્ટ્રીય રમત દિવસ તરીકે મનાવીએ છીએ. હોકીના જાદુગરના 115મા જન્મદિવસના થોડાં દિવસ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના સર્વોચ્ચ ખેલ પુરસ્કાર હવે તેમનાં નામ પર આપવાનો નિર્ણય કર્યો છે...**

> **મેજર ધ્યાનચંદ ભારતના પ્રથમ ખેલાડી હતા, જેમણે દેશને સન્માન અને ગર્વ અપાવ્યું. દેશમાં રમતગમતનો સર્વોચ્ચ પુરસ્કાર તેમનાં નામ પર રાખવો એ જ યોગ્ય છે.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

એક સમય હતો જ્યારે જર્મનીનો 'સરમુખત્યાર' એડોલ્ફ હિટલર પણ ભારતીય હોકીનો ફેન હતો. તે ભારતીય હોકી ટીમના મહાન ખેલાડી ધ્યાનચંદનો પ્રશંસક હતો. ભારતીય ટીમે ઓલિમ્પિક ગેમ્સમાં 1928થી 1956 સુધી છ વાર ગોલ્ડ મેડલ જીત્યો હતો, જેમાંથી ત્રણ મેડલ જીતનાર ટીમમાં મેજર ધ્યાનચંદ હતા. કહેવાય છે કે, ધ્યાનચંદની સ્ટિકમાં બોલ એ રીતે ચોંટી જતો હતો કે હોલેન્ડમાં લોકોએ તેમની હોકી સ્ટિક તોડાવીને ચેક કર્યું કે ક્યાંક તેમાં ચુંબક તો નથી લગાવ્યું ને. વિયેનાની સ્પોર્ટ્સ ક્લબમાં તેમની એક મૂર્તિ લગાવવામાં આવી છે, જેમાં તેમનાં ચાર હાથ અને ચાર સ્ટિક મૂકવામાં આવી છે. જાણે કે તેઓ કોઈ ભગવાન હોય. હોકીમાંથી તેમની નિવૃત્તિના 50 વર્ષ પછીની એક ઘટના જાણીતી છે. મ્યુનિકમાં ધ્યાનચંદના પુત્ર અશોકકુમારને મળવા વ્હિલચેર પર એક વૃધ્ધ આવ્યા. તેમના હાથમાં 1936નાં વર્ષનું પીળું પડી ગયેલું ફાટેલાં અખબારનું કટિંગ હતું, જેમાં ધ્યાનચંદની શૈલીની પ્રશંસા કરવામાં આવી હતી. અશોકકુમાર પણ હોકીના ખેલાડી હતા.

ધ્યાનચંદનો જન્મ 29 ઓગસ્ટ, 1905નાં રોજ અલ્હાબાદમાં થયો હતો. તેમન પિતા લશ્કરમાં હતા. બાળપણમાં હોકી સાથે કોઈ સંબંધ નહોતો. 16 વર્ષની વયે 1922માં દિલ્હીમાં લશ્કરની પ્રથમ બ્રાહ્મણ રેજીમેન્ટમાં સિપાહી તરીકે ભર્તી થઈ ગયા. અહીં સુબેદાર તિવારીએ તેમને હોકી રમતા કર્યા. ત્યારે તેમનું નામ ધ્યાન સિંહ હતું. રોજ રાત્રે તેઓ હોકીની પ્રેક્ટીસ કરતા. એક રાત્રે તેમની પ્રતિબધ્ધતા જોઇને સુબેદાર તિવારી ખુશ થઇને બોલ્યા, "ચાંદકી રોશનીમેં જૈસે મહેનત કર રહે હો, એક દિન હોકીકા ચાંદ બનકર ચમકોગે. મૈં આજસે તુમ્હેં ધ્યાન સિંહ નહીં, ધ્યાનચંદ કહકર પુકારુંગા." અહીંથી, ધ્યાનચંદની સફળતાની ગાથા શરૂ થાય છે. 1926માં પ્રથમ વાર ન્યૂઝીલેન્ડ ટુર માટે ટીમમાં પસંદગી થઈ. ન્યૂઝીલેન્ડમાં ભારતીય ટીમ કુલ 21 મેચ રમી, જેમાંથી 18માં વિજય મેળવ્યો. ભારતે કુલ 192 ગોલ કર્યા, જેમાંથી 100 ગોલ એકલા ધ્યાનચંદના હતા. વૈશ્વિક હોકીમાં ધ્યાનચંદનો આ પ્રથમ ધમાકો હતો. 1928ના એમ્સ્ટર્ડમ ઓલિમ્પિક ગેમ્સમાં ભારત તરફથી તેઓ સૌથી વધુ 14 ગોલ કરનાર ખેલાડી હતા. એક અખબારે લખ્યું. "આ હોકી નહીં, પણ જાદુ હતો અને ધ્યાનચંદ હોકીના જાદુગર છે." 1932ની ઓલિમ્પિક ફાઈનલમાં ભારતે અમેરિકાને 24-1થી હરાવ્યું હતું. આ મેચમાં ધ્યાનચંદે 8 અને તેમના ભાઇ રૂપ સિંહે 10 ગોલ કર્યા હતા. એક મેચમાં 24 ગોલ કરવાનો 86 વર્ષનો રેકોર્ડ ભારતીય હોકી ટીમે 2018માં ઈન્ડોનેશિયામાં રમાયેલી એશિયન ગેમ્સમાં હોંગકોંગને 26-0થી હરાવીને તોડ્યો. ધ્યાનચંદે 1928, 1932 અને 1936ના ઓલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. ત્રણેય વાર ભારતે ગોલ્ડમેડલ જીત્યો. 1936ના બર્લિન ઓલિમ્પિકમાં ધ્યાનચંદની અસાધારણ રમતથી પ્રભાવિત થઈને હિટલરે તેમને જર્મન લશ્કરમાં કર્નલના હોદ્દા પર જોડાવા આમંત્રણ આપ્યું હતું, પણ ધ્યાનચંદે આ ઓફરને નકારી કાઢી.

500થી વધુ ગોલ કરનારા ધ્યાનચંદ 42 વર્ષ સુધી હોકી રમ્યા બાદ 1948માં હોકીમાંથી નિવૃત્તિ લીધી. તેમને 1956માં ભારતનાં પ્રતિષ્ઠિત નાગરિક સન્માન પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા. 3 ડિસેમ્બર, 1979નાં રોજ તેમનું અવસાન થયું. ઝાંસીના એ મેદાન પર ધ્યાનચંદના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા, જ્યાં તેઓ હોકી રમતા હતા.

# રસી મૂકાવો અને બનો 'બાહુબલી'




**હાલમાં જ્યારે સમગ્ર વિશ્વ કોવિડ જેવી મહામારી સામે લડી રહ્યું છે ત્યારે તેમાંથી બચવા માટેનાં બે સરળ ઉપાય છે. પ્રથમ, કોવિડ પ્રોટોકોલનું કડક પાલન અને બીજું રસીકરણ. 'ટેસ્ટ, ટ્રેસ અને ટ્રીટમેન્ટ'ની સાથે સાથે ભારતમાં વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે ત્યારે યોગ્ય સમયે રસી લેવાની સાથે સાથે કોવિડ પ્રોટોકોલનું બરાબર પાલન કરવું એ તમારી જવાબદારી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ માટે લોકોને અપીલ કરતા કહ્યું છે કે, રસી બાવડા ('બાહુ') પર લાગે છે અને જ્યારે રસી 'બાહુ' પર લાગે છે ત્યારે બધાં 'બાહુબલી' બની જાય છે." તેથી હવે તમારે પણ બાહુબલી બનવાનો સમય આવી ગયો છે...**

સરકાર સમગ્ર દેશમાં કોવિડ-19 રસીકરણની ઝડપ વધારવા માટે પ્રતિબધ્ધ છે. એટલાં માટે જ રસીકરણ અભિયાન દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રસીની ઉપલબ્ધતાની પૂર્વ માહિતી આપવામાં આવે છે, જેથી તેઓ રસીકરણ ઝૂંબેશને વેગ આપવા વધુ સારી રીતે યોજના બનાવી શકે. 21 જૂનથી શરૂ થયેલા રાષ્ટ્રવ્યાપી રસીકરણ કાર્યક્રમનાં ભાગ રૂપે સરકાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મફતમાં રસી આપી રહી છે. તમામને રસી ઉપલબ્ધ કરાવવાના કોવિડ રસીકરણ ઝૂંબેશના નવા તબક્કા હેઠળ કેન્દ્ર સરકાર દેશમાં રસી ઉત્પાદકો દ્વારા બનાવવામાં આવતી 75 ટકા રસી ખરીદશે અને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને તે મફતમાં પૂરી પાડશે. ભારત બાયોટેકની કોવેક્સિનનું બાળકો પર ત્રીજા તબક્કાનું પરીક્ષણ ચાલુ છે. ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) એ કોવિડ-19 સામેની બે રસી કોવેક્સિન અને કોવિશીલ્ડના મિશ્રણ ડોઝનું એનાલિસિસ કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. નીતિ આયોગના સભ્ય ડો., વી કે પૌલના કહેવા પ્રમાણે સીએમસી, વેલ્લોર ખાતે રિસર્ચ સ્ટડી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

> **તહેવારોની મોસમમાં એ ચોક્કસ યાદ રાખજો કે કોરોના હજુ આપણી વચ્ચેથી ગયો નથી. કોરોના સાથે સંકળાયેલા પ્રોટોકોલ આપણે ભૂલવાના નથી. તમે સ્વસ્થ અને ખુશ રહો.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

દેશમાં અત્યાર સુધી 50 કરોડથી વધુ ડોઝ આપી દેવામાં આવ્યા છે. રસીકરણને કારણે કોવિડ વિરુધ્ધ લડાઈમાં ઘણી મદદ મળી રહી છે. આને કારણે સક્રિય કેસોની સાથે સાથે નવા કેસોમાં પણ ઘટાડો થયો છે. આરોગ્ય મંત્રાલય તેનાં પર સંપૂર્ણ નજર રાખી રહ્યું છે. નીતિ આયોગના સભ્ય

# ઐતિહાસિક સફળતાઃ રસીકરણમાં 50 કરોડનો આંક વટાવ્યો







આંકડા કરોડમાં | 6 ઓગસ્ટ, 2021 સુધીનાં

ડો. વી કે પૌલે જણાવ્યું કે, કોરોનાની બીજી લહેર હજુ પૂરી નથી થઈ. કેટલાંક રાજ્યોમાં વધતા કેસો હજુ ચિંતાનું કારણ છે.

## વધુ એક સ્વદેશી રસી મળવાની સંભાવના

દેશમાં સપ્ટેમ્બર સુધીમાં વધુ એક સ્વદેશી રસી લોંચ થઈ શકે છે. હૈદરાબાદ સ્થિત કંપની બાયોલોજીકલ-ઈ લિમિટેડની રસીનાં ત્રીજા તબક્કાનું પરીક્ષણ ચાલી રહ્યું છે. એક અનુમાન પ્રમાણે, ઓગસ્ટના અંત સુધીમાં તે ઉપયોગ માટે મંજૂરી માગી શકે છે. કંપની ડિસેમ્બર સુધીમાં સરકારને 30 કરોડ ડોઝ ઉપલબ્ધ કરવાનું લક્ષ્ય ધરાવે છે. જૂનમાં, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય તરફથી પ્રસિધ્ધ કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, બાયોલોજીકલ-ઈને રૂ. 1500 કરોડનું એડવાન્સ પેમેન્ટ કરવામાં આવશે. નાગરિકોને સલામત, અસરકારક, સસ્તી અને સુલભ કોવિડ-19 રસીના ડોઝ ઉપલબ્ધ કરવાના મિશન સાથે આગળ વધતા કેન્દ્ર સરકારે બાયોલોજીકલ-ઈની રસીને પ્રિ-ક્લિનિકલ તબક્કાથી માંડીને ત્રીજા તબક્કા સુધી મદદ કરી છે. આ રસી મળવાથી દેશમાં રસીકરણ અભિયાનની ઝડપમાં ચોક્કસપણે ઝડપ આવશે.

## આદિવાસી જિલ્લાઓમાં રસીકરણમાં ઝડપ

આદિવાસી જિલ્લાઓમાં રસીકરણ અભિયાન ઝડપી કરવા કેન્દ્ર સરકાર અનેક પ્રયાસ કરી રહી છે. આ અંતર્ગત કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે યુનિસેફની ભાગીદારીમાં 16 રાજ્યો અને કમ્યુનિટી રેડિયો સ્ટેશનના પ્રતિનિધિઓ માટે તાજેતરમાં જ કમ્યુનિકેશન જાગૃતિ શિબિરનું આયોજન કર્યું. થીમ આધારિત આ સત્રમાં 'કોવિડ એપ્રોપિયેટ બિહેવિયર' અંગે અર્થપૂર્ણ જાગૃતિ ઝૂંબેશ હાથ ધરવાની અને ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા સમુદાયોમાં કોવિડ રસી અને રસીકરણ અંગેનો અંધવિશ્વાસ દૂર કરવાની જરૂર પર ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રાદેશિક ભાષાનાં કમ્યુનિટી રેડિયો સ્ટેશનોના કાર્યક્રમોનો હેતુ સમુદાયોને કોવિડ ઉપયુક્ત વ્યવહારના મહત્વ અંગે શિક્ષિત કરવાનો, રસી સાથે સંકળાયેલી ગેરમાન્યતાઓ અંગે સાચી માહિતી આપવાનો અને રસીકરણની પ્રગતિ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ કાર્યક્રમને કારણે ભારતના અનેક આદિવાસી જિલ્લાઓમાં રસીકરણમાં ઝડપ આવી છે. ●

### બાળકો માટે કોવિડ રસી

દેશમાં બાળકો માટેની કોવિડ રસી ઓગસ્ટના અંત સુધીમાં આવી શકે છે એવા સંકેત સરકાર તરફથી મળ્યા છે.



પહેલાં બાળકો માટેની રસી સપ્ટેમ્બર સુધીમાં આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. AIIMS ના વડા ડો. રણદીપ ગુલેરિયાએ અગાઉ કહ્યું હતું કે, બાળકો માટેની રસીને સપ્ટેમ્બર સુધી મંજૂરી મળવાની સંભાવના છે. દેશમાં બાળકો માટે ઝાયડસ કેડિલાની રસી પરીક્ષણના અંતિમ તબક્કામાં છે.

કોવિડ 19 પર આયોજિત મુખ્યમંત્રીઓની બેઠકમાં વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો




## નવી શિક્ષણ નીતિનું એક વર્ષ

# વ્યાવહારિક શિક્ષણ તરફ આગળ વધતો દેશ

**ગયા વર્ષે જાહેર કરવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ દેશની શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરીને વિદ્યાર્થીઓને ભવિષ્યની જરૂરિયાતો પ્રમાણે રોજગારને લાયક બનાવવાનો છે. 34 વર્ષના લાંબા સમયગાળા બાદ જાહેર કરવામાં આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ નવા ભારતના નિર્માણ માટેનો એક સ્તંભ છે. સૈધ્ધાંતિક શિક્ષણને વ્યવહારિક શિક્ષણ બદલવાની આ યોજનાને 29 જુલાઇએ એક વર્ષ થયું ત્યારે વડાપ્રધાન મોદીએ આ નીતિને સમાવેશી બનાવવા ફરી એક વાર કેટલીક નવી પહેલ જાહેર કરી....**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મંજૂરી મળ્યાને 29 જુલાઇએ એક વર્ષ પૂરું થયું છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિક્ષણ સાથે સંકળાયેલા નિષ્ણાતો, વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કર્યો. તેમણે કહ્યું, "ભવિષ્યમાં આપણે કેટલાં આગળ જઈશું, કેટલી ઊંચાઇ પ્રાપ્ત કરીશું, તેનો આધાર એ બાબત પર છે કે આપણે આપણા યુવાનોને હાલમાં કેવું શિક્ષણ આપી રહ્યા છીએ, કેવી દિશા આપી રહ્યા છીએ. રાષ્ટ્ર નિર્માણના આ યજ્ઞમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સૌથી મહત્વની છે." આ સંવાદ દરમિયાન વડાપ્રધાન મોદીએ વીતેલા એક વર્ષમાં શિક્ષણ નીતિ અંતર્ગત લેવામાં આવેલાં પગલાં અંગે વિગતવાર જણાવ્યું અને કેટલીક નવી પહેલ પણ જાહેર કરીઃ

**નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત એક વર્ષમાં કરવામાં આવેલી એ પહેલ જેનો ઉલ્લેખ વડાપ્રધાને કર્યો.**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ઓનલાઇન અભ્યાસને પ્રાથમિકતા અને પ્રોત્સાહન બંને આપવામાં આવ્યા છે, જેનાં પરિણામ કોવિડ મહામારી દરમિયાન જોવા મળ્યાં. પીએમ-ઇ વિદ્યા કાર્યક્રમ અંતર્ગત ઓનલાઇન, ટેલિવિઝન, કમ્યુનિટી રેડિયોના માધ્યમથી અભ્યાસ ચાલુ રહ્યો.
- વન નેશન-વન ડિજિટલ પ્લેટફોર્મ પ્રેરિત દીક્ષા કાર્યક્રમમાં શાળાકીય અભ્યાસક્રમ પર આધારિત 32 ભાષામાં 1.85 લાખથી વધુ ઇ-સામગ્રી ઉપલબ્ધ કરવામાં આવી છે. એક વર્ષમાં આ પ્લેટફોર્મ પર વિઝિટર્સની સંખ્યા 200 કરોડથી વધીને 2300 કરોડ થઈ ગઈ છે.
- કોવિડ સમય દરમિયાન JEE-NEETની પરીક્ષા ઓનલાઇન થઈ, જેને કારણે કોઇ વિદ્યાર્થીનું સત્ર બગડ્યું નહીં
- યુજીસીએ ઓનલાઇન અભ્યાસની માર્ગદર્શિકા જારી કરી. ઓનલાઇન અભ્યાસક્રમોની સંખ્યા 37થી વધીને 216 થઈ છે. સંસ્થાઓની સંખ્યા 7થી વધીને 41 થઈ ગઈ છે.
- ઓનલાઇન અભ્યાસ માટે સ્વયં (SWAYAM) પોર્ટલ, જેનાં પર હાલમાં 814 ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ ઉપલબ્ધ છે. ગયા વર્ષે 54 લાખથી વધુ વિદ્યાર્થીઓએ તેનાં પર રજીસ્ટ્રેશન કરાવ્યું
- આ નવી નીતિને કારણે ભારતમાં ભણવા આવતા વિદેશી વિદ્યાર્થીઓને પણ ભારતની નક્કર વ્યવસ્થાનો લાભ મળ્યો છે. 'નિષ્ઠા' અંતર્ગત લગભગ 24 લાખ પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવામાં આવી. કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા છેલ્લાં એક વર્ષમાં એક લાખથી વધુ આરોગ્યકર્મીઓને

# નવા ભારતના ભવિષ્યનો આધાર બનનાર નવી નીતિ

## વડાપ્રધાને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત જાહેર કરેલી નવી પહેલ

- **વિદ્યાપ્રવેશઃ** બાળકને ધોરણ એકમાં પ્રવેશ માટે તૈયાર કરવા નવી નીતિમાં કરવામાં આવેલાં સૂચનોને પગલે એનસીઈઆરટી દ્વારા બાળકો માટે તૈયાર કરવામાં આવેલું ત્રણ મહિનાનું મોડ્યુલ-'વિદ્યાપ્રવેશ' આ અભ્યાસક્રમમાં અક્ષર, અવાજ, શબ્દ, રંગ, આકાર અને સંખ્યા શીખવાની રસપ્રદ પ્રવૃત્તિઓ છે. તેનાં દ્વારા બાળકોમાં પૂર્વ સાક્ષરતા, પૂર્વગણતરી અને સામાજિક કૌશલ્યનો વિકાસ થશે. વિદ્યાપ્રવેશનો હેતુ બાળકોમાં શિક્ષણનો મજબૂત પાયો નાખવાનો છે.
- **ભારતીય સાંકેતિક ભાષાઃ** દેશમાં ત્રણ લાખથી વધુ બાળકો એવા છે જેમને સાંકેતિક ભાષાઓની જરૂર પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખતા ભારતીય સાંકેતિક ભાષાઓને વિષયનો દરજ્જો આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ તેને ભાષા તરીકે ભણી શકશે. આનાથી દિવ્યાંગ વિદ્યાર્થીઓને મદદ મળશે.
- **NISHTHA 2.0 :** વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ, તેનાથી શિક્ષકો બાળકોની પ્રતિભા પારખીને તેમનો વિકાસ કરી શકે. પ્રાથમિક સ્તરે શિક્ષકોની તાલીમ બાદ NISHTHA માં નવા બનાવેલા 68 મોડ્યુલ દ્વારા માધ્યમિક સ્તરના 10 લાખથી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.
- **SAFAL (સ્ટ્રક્ચર એસેસમેન્ટ ફોર એનાલિસિસ લર્નિંગ) :** સીબીએસઈની 25,000 શાળાઓના ધોરણ 3,5 અને 8ના 50 લાખ બાળકો માટે આ સ્કીમ તૈયાર કરવામાં આવી છે. સ્પર્ધા આધારિત આ એસેસમેન્ટમાં એપ્લિકેશન આધારિત પ્રશ્નો અને ઉચ્ચ સ્તરીય વિચાર કુશળતા આધારિત કોન્સેપ્ટ દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સઃ** AI નવા ભારતને આગળ લઈ જઈ રહ્યું છે. તમામને ધ્યાનમાં રાખીને AI ભારતનો વ્યૂહ ઘડવામાં આવ્યો છે. મંત્રાલય, સીબીએસઈ. ઈન્ટેલ ઈન્ડિયાએ 'AI for all'નો પ્રારંભ કર્યો છે. આ કાર્યક્રમ ચાર કલાકની અંદર પૂરો કરી શકાય છે અને તે 11 ભાષાઓમાં ઉપલબ્ધ છે
- **એકેડેમિક બેંક ઓફ ક્રેડિટઃ** યુજીસીએ આને તૈયાર કર્યું છે. વિદ્યાર્થી તેમાં પોતાનું શૈક્ષણિક ખાતું ખોલાવી શકે છે, જેમાં તેમનાં દ્વારા મેળવવામાં આવેલા ક્રેડિટ જમા કરવામાં આવશે. વિદ્યાર્થી પોતાના ખાતામાં જમા ક્રેડિટનો ઉપયોગ ડિગ્રી લેવા માટે કરી શકશે. યુજીસી દ્વારા મલ્ટીપલ એન્ટ્રી અને મલ્ટીપલ એક્ઝિટ માટે પણ માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.
- **પ્રાદેશિક ભાષામાં એન્જિનિયરીંગ પ્રોગ્રામઃ** એન્જિનિયરીંગ કોર્સનો 11 ભારતીય ભાષામાં અનુવાદ કરવા માટે ટુલ વિક્સાવવામાં આવ્યું છે. 8 રાજ્યોની 14 એન્જિનિયરીંગ કોલેજ પાંચ ભારતીય ભાષાઓ-હિન્દી, તામિલ, તેલુગુ, મરાઠી અને બાંગલામાં એન્જિનિયરીંગનો અભ્યાસ શરૂ કરવા જઈ રહી છે.
- **ઉચ્ચ અભ્યાસનું આંતરરાષ્ટ્રીયકરણઃ** ભારતીય અને વિદેશી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે પરસ્પર સહયોગ વધે તે માટે યુજીસીએ ક્રેડિટ ટ્રાન્સફર સાથે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે પરસ્પર જોડાણની માર્ગદર્શિકા જારી કરી છે. ભારતીય વિદ્યાર્થીઓને વૈશ્વિક શિક્ષણનો લાભ મળશે, જ્યારે વિદેશી વિદ્યાર્થીઓના આવવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે આપણી વિશ્વસનીયતા વધશે.
- **નેશનલ ડિજિટલ એજ્યુકેશન આર્કિટેક્ચરઃ** ડિજિટલ ફર્સ્ટના વિચાર પર આધારિત શિક્ષણનું સૌથી મોટું ઈન્ફ્રાસ્ટક્ચર. તે ઓપન સ્પેસ અને ઓપન સ્ટાન્ડર્ડસ પર આધારિત હશે, જેથી રાજ્યો અને ઉદ્યોગસાહસિકો તેનો ઉપયોગ કરીને ઈનોવેટિવ રેડી એજ્યુકેશન સોલ્યુશન્સ બનાવશે. આ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જેમાં ભણતર, શિક્ષણ, પ્લાનિંગ અને ગવર્નન્સને એક સાથે જોડવામાં આવશે. શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને તેનાથી લાભ થશે. ડિજિટલ ઈન્ડિયા તમામને શિક્ષણ અંગે સમાન અધિકાર આપે છે.
- **નેશનલ એજ્યુકેશન ટેકનોલોજી ફોરમઃ** શિક્ષણના વિવિધ પરિમાણોમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે રચવામાં આવેલો રાષ્ટ્રીય મંચ. આ મંચ વહીવટ, શિક્ષણસ, મૂલ્યાંકન, આયોજન વગેરેમાં ટેકનોલોજીના ઉપયોગ અંગે રાજ્ય અને કેન્દ્ર સરકારોને સલાહ આપશે. આનાથી કેજીથી પીજી સુધી શિક્ષણ અને શીખવાની રીતમાં સર્જનાત્મક પરિવર્તન લાવશે.

તાલીમ આપવામાં આવી છે.

- શિક્ષણ નીતિ અંતર્ગત 'સાર્થક' કાર્યક્રમની રચના કરવામાં આવી, જે શાળાકીય અભ્યાસમાં આ નીતિના સરળ અમલીકરણ માટેનો સુસંકલિત એક્શન પ્લાન છે. આ અંતર્ગત નેશનલ કેમ્પેઈન 'નિપુણ'ની શરૂઆત કરવામાં આવી હતી. તેનો હેતુ બાળકોમાં સમજની સાથે સાથે પ્રાથમિક ગણતરીની ક્ષમતાને વિક્સાવવાનો છે.
- સ્કુલ બેગનું વજન અને હોમવર્ક ઓછું કરવા માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી. બાળકોની માનસિક અને તણાવ સંબંધિત સમસ્યાઓ ઉકેલવા માટે MANODARPAN પોર્ટલ અને હેલ્પલાઈન નંબર પણ શરૂ કરવામાં આવ્યો.
- શિક્ષણ નીતિમાં છઠ્ઠા ધોરણથી જ કોડિંગ, ડેટા સાયન્સ, નાણાંકીય સાક્ષરતા અને હેન્ડીક્રાફ્ટ્સના વોકેશનલ કોર્સ સામેલ કરવામાં આવ્યા છે.
- ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે સીબીએસઈ દ્વારા ક્વોલિફાઈડ ફેઝ્ડ એસેસમેન્ટની શરૂઆત કરવામાં આવી છે●

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને એક વર્ષની સમાપ્તિ પ્રસંગે વડાપ્રધાને આપેલું ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# સ્વતંત્રતા ચળવળ માટે પ્રેરણા આપનારા સેનાનીઓ

**નેતાજી સુભાષચંદ્ર બોઝે એક વાર કહ્યું હતું, "પોતાના દેશની આઝાદી માટે મરી ફીટવું આપણા લોહીમાં હોય છે. આપણે પોતાની તાકાતના જોરે આ આઝાદીને ટકાવી રાખવાની છે." વર્ષ 2022માં આપણે આઝાદીના 75 વર્ષ પૂરા કરીશું, ત્યારે એ હકીકત પર નજર કરવી જરૂરી છે કે દેશવાસીઓએ એના માટે શી કિંમત ચૂકવી છે, જેથી નવી પેઢી તેમાંથી પ્રેરણા લઈ શકે અને આઝાદીનું મૂલ્ય સમજી શકે. આઝાદીની લડાઈમાં ભાગ લેનારા અનેક સ્વાતંત્ર્યવીરોના નામ આપણે જાણીએ છીએ, પણ જેમના નામ બહુ ઓછા જાણીતા છે તેમને પણ આજે યાદ કરીએ...**

ગુલામીના લાંબા યુગમાં હજારો સ્વાતંત્ર્ય સેનાનીઓએ દેશને આઝાદી અપાવવા પોતાની રીતે પ્રયાસ કર્યો હતો. એક બાજુ સત્યાગ્રહ દ્વારા શાંતિપૂર્વક પ્રતિકાર ચાલતો હતો, તો બીજી બાજુ બ્રિટિશ સામ્રાજ્ય સામે સશસ્ત્ર બળવો પણ ચાલતો હતો. ક્રાંતિકારીઓ માનતા હતા કે તેમણે કોઇ પણ ભોગે બ્રિટિશ શાસન સામે લડવું જોઇએ. જરૂર પડ્યે પોતાનું સર્વસ્વ લૂંટાવી દેવું જોઇએ અને પોતાનાં જીવનું બલિદાન આપવું પડે તો પણ પાછળ ન હટવું જોઇએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં, "આ સ્વાતંત્ર્ય સેનાનીઓએ તેમની યુવાની જેલમાં વીતાવી, ફાંસીનાં ગાળિયાને ચૂમીને પોતાનાં સપનાઓની આહૂતિ આપી દીધી." આઝાદીના અમૃત મહોત્સવ શ્રેણીમાં આ વખતે કેપ્ટન રામસિંહ ઠાકુર, રાજગુરુ, અરવિંદ ઘોષ અને કન્હાઈ લાલ દત્તની કહાની......

> **"આજે ભારતે અસાધારણ ઝડપથી અશક્યને શક્ય કર્યું છે. આ જ ઇચ્છાશક્તિ, આ જ લગન, આ જોશ સાથે દરેક ભારતીયએ આગળ વધવાનું છે. વર્ષ 2022માં આઝાદીનું 75મું વર્ષ બસ આવી જ ગયું છે. આપણે એક ડગલું જ દૂર છીએ. આપણે દિવસ-રાત એક કરવાનો છે. 21મી સદીનો આ ત્રીજો દાયકો આપણાં સપનાને પૂરા કરવાનો દાયકો હોવો જોઇએ. હું જોઇ રહ્યો છું, એક નવી સવારની લાલિમા, એક નવા આત્મવિશ્વાસનો ઉદય, એક નવા આત્મનિર્ભર ભારતનો શંખનાદ."**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# 'કદમ, કદમ બઢાયે જા...'ને સ્વરબધ્ધ કરનાર કેપ્ટન રામસિંહ ઠાકુર



**15 ઓગસ્ટ, 1947નાં રોજ દેશ આઝાદ થયો ત્યારે લાલ કિલ્લામાં કેપ્ટન રામસિંહ ઠાકુરના નેતૃત્વમાં ઓર્કસ્ટ્રાએ 'સુખ ચેન કી બરખા બરસે...' ગીતની ધૂન વગાડી હતી, જે 'જન-ગણ-મન'નો ઉર્દુ-હિન્દી અનુવાદ હતો. આ ગીતની ધૂનનો પછીથી 'જન-ગણ-મન'ની ધૂન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો.**

આઝાદ હિન્દ ફોજનું ગીત 'કદમ, કદમ બઢાયે જા...'ને સ્વરબધ્ધ કરનાર કેપ્ટન રામસિંહ ઠાકુરનો જન્મ 15 ઓગસ્ટ, 1914નાં રોજ હિમાચલ પ્રદેશના ધર્મશાલા પાસે આવેલા ખનિયારા ગામમાં થયો હતો. કહેવાય છે કે 21 ઓક્ટોબર, 1943નાં રોજ રામસિંહે સુભાષચંદ્ર બોઝ સમક્ષ એટલું જોશભર્યું પર્ફોમન્સ આપ્યું કે તેમનાથી પ્રભાવિત થઈને નેતાજીએ તેમને પોતાનું વાયોલિન ભેટમાં આપી દીધું. આઝાદી પહેલાં મહાત્મા ગાંધીજીએ કેપ્ટન રામસિંહ ઠાકુર સાથે મુલાકાત કરી હતી અને આઝાદી મળે પછી લાલ કિલ્લામાં સમારોહ દરમિયાન કેવી સંગીત અને ધુન પ્રસ્તુત કરી શકાય તેનાં પર ચર્ચા કરી હતી.

તેમના સંગીતથી દેશપ્રેમનો ઉત્સાહ વધી જતો હતો અને યુવાનો નીડરતા અને આત્મવિશ્વાસ સાથે સ્વતંત્રતા સંગ્રામમાં જોશભેર જોડાઇ જતા. આઝાદ હિન્દ ફોજ માટે "ભારત કે જાં નિસારો હિલમિલ કે ગીત ગાઓ," "શીશ ઝુકા કર ભારત માતા તુજકો કરું પ્રણામ" અને "સબસે ઊંચા દુનિયા મેં પ્યારા તિરંગા ઝંડા હમારા" જેવા ગીત બનાવવાનો શ્રેય કેપ્ટન રામસિંહને જાય છે. 3 જુલાઇ, 1943નાં રોજ નેતાજી સિંગાપોર પહોંચ્યા ત્યારે તેમના સ્વાગતમાં રામસિંહે 'સુભાષજી, સુભાષજી વો જાન એ હિંદ આ ગયા' ગાયું, જેને સાંભળીને તેઓ એટલા ખુશ થઈ ગયા કે તેમણે રામસિંહને શાબાશી આપી અને એવું સાદું અને સરળ ગીત તૈયાર કરવા પણ કહ્યું, જેને આઝાદ હિન્દ ફોજના જવાનો ઉત્સાહથી ગાઈ શકે. એ પછી તેમણે "કદમ કદમ બઢાયે જા..' ગીત બનાવ્યું, જે બોઝની ઇન્ડિયન નેશનલ આર્મીનું 'રેજીમેન્ટલ ક્વિક માર્ચ' બન્યું અને હાલમાં ભારતીય સેનાનું 'રેજીમેન્ટલ ક્વિક માર્ચ' છે.


લશ્કર પરિવારમાં જન્મેલા રામસિંહ ઠાકુરના પિતા હવાલદાર હતા. આઠમા ધોરણ સુધી ભણ્યા બાદ 1928માં 14 વર્ષની ઉંમરે સેકન્ડ ફર્સ્ટ ગોરખા રાઇફલમાં ભર્તી થયા અને એક બેન્ડ દ્વારા પોતાની સફર શરૂ કરી. તેઓ તેમના નાના નત્થુચંદ ઠાકુર પાસેથી શાસ્રીય સંગીત પણ શીખ્યા હતા. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન જાપાની સેનાએ તેમની ધરપકડ કરી હતી. પછીથી તેઓ આઝાદ હિન્દ ફોજમાં જોડાઇ ગયા.

સંગીતમાં નિપુણ હોવાથી તેમને ઇન્ડિયન નેશનલ આર્મી (આઇએનએ) બેન્ડમાં કેપ્ટન બનાવવામાં આવ્યા. આઝાદ હિન્દ ફોજની રચનામાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી. જાપાન દ્વારા બંદી બનાવવામાં આવેલા હજારો સૈનિકો વચ્ચે જઇને પોતાના ગીતો દ્વારા તેમણે આઝાદ હિન્દ ફોજમાં સ્વૈચ્છિક રીતે જોડાવા પ્રેરિત કર્યા. જ્યારે આઝાદ હિન્દ રેડિયો શરૂ થયો ત્યારે તેમને સિંગાપુર અને રંગુન રેડિયો સ્ટેશનમાં સંગીતકાર બનાવવામાં આવ્યા. મે 1945માં અંગ્રેજ સેનાએ રંગુન પર કબ્જો કર્યો ત્યારે અન્ય સૈનિકોની સાથે રામસિંહની પણ ધરપકડ કરવામાં આવી. તેમનાં પર કેસ ચલાવવામાં આવ્યો અને થોડાં સમય બાદ જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા. 15 ઓગસ્ટ, 1947નાં રોજ દેશ આઝાદ થયો ત્યારે લાલ કિલ્લામાં કેપ્ટન રામસિંહ ઠાકુરના નેતૃત્વમાં ઓર્કસ્ટ્રાએ 'સુખ ચેન કી બરખા બરસે...' ગીતની ધૂન વગાડી હતી, જે 'જન-ગણ-મન'નો ઉર્દુ-હિન્દી અનુવાદ હતો. આ ગીતની ધૂનનો પછીથી 'જન-ગણ-મન'ની ધૂન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો. આઝાદી પછી પણ તેઓ દેશ સેવામાં વ્યસ્ત રહ્યા. ગોવા મુક્તિ સંઘર્ષમાં પણ ભાગ લીધો. 15 એપ્રિલ, 2002નાં રોજ તેમનું અવસાન થયું.

# 23 વર્ષના રાજગુરુ હસતા હસતા ફાંસી પર ચડી ગયા



આજના યુવાનો 22-23 વર્ષની ઉંમરમાં પોતાની કારકિર્દી પર ધ્યાન આપતા હોય છે, ત્યારે આજથી 90 વર્ષ પહેલાં આટલી જ ઉંમરનો એક યુવાન આઝાદી માટે ફાંસીના માંચડા પર ચડી ગયો. ન આંખોમાં કોઇ ડર, ન ચહેરા પર કોઇ ફરિયાદ. ભગતસિંહ અને સુખદેવની સાથે ફાંસી પર ચડનાર આ યુવક હતો રાજગુરુ. પૂણેના ખેડામાં 24 ઓગસ્ટ, 1908નાં રોજ સોમવારનાં દિવસે આ બાળકનો જન્મ થયો ત્યારે ભગવાન શિવના નામ પર તેનું નામ પાડ્યું, શિવરામ હરિ રાજગુરુ. નાની ઉંમરે માતા-પિતાનું અવસાન થતાં રાજગુરુ ભાઇના ઘેર રહીને ભણ્યા. ભાઇ અંગ્રેજ સરકારની નોકરી કરતા હતા, પણ રાજગુરુને તો દેશને આઝાદ કરાવવામાં રસ હતો. પરિવાર સાથે બનતું ન હોવાથી 16 વર્ષની ઉંમરમાં ઘર છોડીને કાશી જતા રહ્યા. થેલીમાં એક જોડી કપડાં અને ખિસ્સામાં ત્રણ આના હતા. પહેલી રાત ગંગાના ઘાટ પર વીતાવી. અહીં એક પૈસો પડેલો મળ્યો એટલે કંઇક ખાઇ લીધું. ધીરે ધીરે રહેવાનું ઠેકાણું પડ્યું. પછી સંસ્કૃત શીખવા માંડ્યા. ચંદ્રશેખર આઝાદથી માંડીને ગુરુ હેડગેવારનો સંપર્ક થયો. હિન્દુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિક આર્મીના સભ્ય બન્યા. 1928નું વર્ષ હતું. આઝાદીનું આંદોલન પૂરજોશમાં ચાલતું હતું. સાઇમન કમિશનનો વિરોધ કરી રહેલા ભારતીયો પર અંગ્રેજ પોલિસે લાઠીચાર્જ કર્યો, જેમાં લાલા લાજપતરાયને ગંભીર ઇજા થઈ અને તેમનું મૃત્યુ થયું. લાજપતરાયના મૃત્યુનો બદલો લેવા રાજગુરુ, સુખદેવ અને ભગતસિંહે પોલિસ અધિકારી જે પી સોન્ડર્સની હત્યા કરી. અંગ્રેજોએ સોન્ડર્સની હત્યા બદલ રાજગુરુ, સુખદેવ અને ભગતસિંહને ફાંસીની સજા ફરમાવી. 23 માર્ચ, 1931નાં રોજ અંગ્રેજોએ ત્રણેય વીરલાઓને ફાંસી પર લટકાવી દીધા. દર વર્ષે આ દિવસને આપણે ભારતીય શહીદ દિવસ તરીકે મનાવીએ છીએ. આ ઘટનાનો ઉલ્લેખ કરતા 26 માર્ચ, 2017નાં રોજ 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાને કહ્યું હતું કે, "ભગતસિંહ, રાજગુરુ, સુખદેવના ચહેરા પર માં-ભારતીની સેવા કરવાનો સંતોષ હતો, મૃત્યુનો ભય નહતો. તેમણે જીવનના તમામ સપનાનું માં-ભારતીની આઝાદી માટે બલિદાન આપી દીધું. આજે આ ત્રણેય વીર આપણાં બધાં માટે પ્રેરણા સમાન છે. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂનાં બલિદાનની ગાથા આપણે શબ્દોમાં વર્ણવી પણ નહીં શકીએ. સમગ્ર બ્રિટિશ સરકાર આ ત્રણેય યુવકોથી ડરતી હતી. તેઓ જેલમાં બંધ હતા, ફાંસી નક્કી હતી, પણ તેમાં કઈ રીતે આગળ વધવું તેની ચિંતા બ્રિટિશ અધિકારીઓને હતી. એટલે જ 24 માર્ચે ફાંસી આપવાની હતી, પણ 23 માર્ચે આપી દીધી. આ કામ ચૂપચાપ કરવામાં આવ્યું હતું. બાદમાં તેમનાં મૃતદેહોને આજના પંજાબમાં લાવીને ચૂપચાપ સળગાવી દેવામાં આવ્યા. કેટલાંક વર્ષો પહેલાં મને ત્યાં જવાની તક મળી હતી. એ ધરતીમાં મેં એક પ્રકારના સ્પંદનનો અનુભવ કર્યો હતો. હું દેશના નવયુવકોને ચોક્કસ કહીશ કે જ્યારે પણ તક મળે અને પંજાબ જાવ ત્યારે ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ, ભગતસિંહની માતાજી અને બટુકેશ્વર દત્તનાં સમાધિ સ્થળ પર ચોક્કસ જજો."



## દેશપ્રેમથી શરૂ કરીને આધાત્મિકની દુનિયામાં ક્રાંતિ સર્જનાર અરવિંદ ઘોષ

કોલકતામાં 15 ઓગસ્ટ, 1872નાં રોજ જન્મેલા અરવિંદ ઘોષના પિતા કૃષ્ણધન ઘોષ ડોકટર હતા અને બ્રહ્મસમાજ સાથે સંકળાયેલા હતા. સાત વર્ષની ઉંમરમાં પોતાના ભાઇઓ સાથે બ્રિટન જતા રહ્યા અને માત્ર 18 વર્ષની વયે તો આઇસીએસની પરીક્ષા પાસ કરી લીધી. ભારત આવ્યા બાદ બરોડા સ્ટેટમાં વહીવટી સેવામાં નોકરી કરવા લાગ્યા, પણ દેશ સેવાની ભાવના પ્રબળ હતી. સરકારી નોકરી છતાં પડદા પાછળ સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવા માંડ્યા. બરોડાથી કલકત્તા આવ્યા બાદ મહર્ષિ અરવિંદ સંપૂર્ણપણે આઝાદીના આંદોલનમાં જોડાઇ ગયા. અહીં તેમના ભાઇ બારીન્દ્ર ઘોષે તેમની મુલાકાત બાઘા જતીન,

# કન્હાઇ લાલ દત્તઃ 20 વર્ષની ઉંમરમાં ફાંસી થઇ



કન્હાઇ લાલ દત્ત ભારતીય સ્વતંત્રતા સંગ્રામના એવા ક્રાંતિવીર હતા, જેમણે હસતા-હસતા પોતાનો જીવ આપી દીધો એટલું જ નહીં, યુવાનોને આઝાદીના આંદોલન સાથે જોડાવા પ્રેરણા પણ આપી. 15 ઓગસ્ટ, 1988નાં રોજ જે દિવસે કન્હાઇ લાલનો જન્મ થયો હતો, તે દિવસે જન્માષ્ટમી હતી, તેથી માતા-પિતાએ તેમનું નામ કન્હાઇ રાખ્યું હતું. વર્ષ 1908માં અભ્યાસ પૂરો થયા પછી કન્હાઇ કોલકતા જતા રહ્યા. અહીં તેઓ 'જુગાંતર સંગઠન'ના ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા અને બારીન્દ્ર ઘોષના મકાનમાં રહેવા લાગ્યા. આ ઘરમાં ક્રાંતિકારીઓ પોતાના શસ્રો અને વિસ્ફોટકો રાખતા હતા. આ દરમિયાન, 30 એપ્રિલ, 1908નાં રોજ ખુદીરામ અને તેમના સાથી પ્રફુલ્લચંદ્ર ચાકીએ મુઝફ્ફરપુરમાં કિંગ્સફોર્ડ પર બોંબ ફેંક્યો. આ ઘટનાએ બ્રિટિશ સરકારની ઉંઘ ઉડાડી દીધી અને ક્રાંતિકારીઓની ધરપકડ શરૂ કરી. પોલિસને કન્હાઇ અને તેમના સાથીઓની પ્રવૃત્તિઓની જાણ થઈ ગઈ. 2 મે, 1908નાં રોજ પોલિસે કન્હાઇના ઠેકાણાં પર છાપો માર્યો અને તેમના ઘરમાં બોંબની ફેક્ટરી મળી. મોટી માત્રામાં શસ્ત્રો પણ મળી આવ્યા. એ પછી અંગ્રેજોએ અરવિંદ ઘોષ, બારીન્દ્ર ઘોષ, સત્યેન્દ્રનાથ (સત્યેન) અને કન્હાઈલાલ સહિત 35 લોકોની ધરપકડ કરી. તેમને અલીપુર જેલમાં રાખવામાં આવ્યા અને બધાં પર કેસ ચલાવવામાં આવ્યો. ધરપકડ કરાયેલા સેનાનીઓમાં નરેન્દ્રનાથ ગોસ્વામી નામનો યુવક પણ હતો, જેણે બ્રિટિશ સરકારનાં ડરથી અને જેલમાંથી છૂટવાની લાલચમાં પોતાના સાથીઓનાં નામ બતાવવાનું શરૂ કર્યું. ગોસ્વામીની ગદ્દારીથી બીજા અનેક ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવી. આ સંજોગોમાં, ક્રાંતિકારીઓએ નિર્ધાર કર્યો કે તેઓ આ દેશદ્રોહીને પાઠ ભણાવીને જ રહેશે, જેથી કોઇ પોતાની માતૃભૂમિ સાથે દગો ન કરે. બ્રિટિશ સરકારને આની ગંધ આવી ગઈ. તેમણે નરેન્દ્રને વધારાની સલામતી પૂરી પાડી અને તેને અલગ જેલમાં રાખવામાં આવ્યો. જો કે નરેન્દ્ર કોર્ટમાં જુબાની આપે તે પહેલાં જ કન્હાઇએ સત્યેન બોઝ સાથે મળીને તેની હત્યા કરી દીધી. આ ઘટનાએ સમગ્ર દેશમાં હોબાળો મચાવ્યો. કન્હાઇ અને સત્યેન સામે કેસ ચાલ્યો અને 21 ઓક્ટોબર, 1908નાં રોજ બંનેને ફાંસીની સજા સંભાળાવવામાં આવી. ન્યાયાધીશે આ ઘટનાક્રમ અંગે પૂછ્યું તો તેમણે કહ્યું કે, હત્યા કરવાનું માત્ર એક જ કારણ હતું કે તે દેશદ્રોહી હતો. તેમણે સજા પછી અપીલ કરવાનો પણ સ્પષ્ટ ઈનકાર કરી દીધો. 10 નવેમ્બર, 1908નાં રોજ માત્ર 20 વર્ષની ઉંમરમાં કન્હાઇ લાલ દત્ત ફાંસીનાં માંચડો ચડી ગયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 22 ફેબ્રુઆરી 2021નાં રોજ પોતાના સંબોધનમાં આવા મહાન ક્રાંતિકારીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, "ચંદ્રનગર સહિતનો સમગ્ર વિસ્તાર ભારતની આઝાદી, સંસ્કૃતિ અને ભારતના જ્ઞાન-વિજ્ઞાનનું તીર્થ છે. મહર્ષિ અરવિંદ, રાસબિહારી બોઝ, કન્હાઈલાલ દત્ત, ઉપેન્દ્ર નારાયણ બંદોપાધ્યાય જેવા અનેક લોકોનો સંબંધ આ ધરતી સાથે છે."

જતીન બેનર્જી અને સુરેન્દ્રનાથ ટાગોર જેવા ક્રાંતિકારીઓ સાથે કરાવી. અરવિંદ ઘોષના વિચારો ક્રાંતિકારી હતા. તેમણે લોકમાન્ય બાળગંગાધર તિલકની સાથે મળીને કોંગ્રેસમાં ઉદ્દામવાદી જૂથની વિચારધારા ફેલાવી. યુવાનોને આઝાદી અને ક્રાંતિના પાઠ ભણાવ્યા અને અંગ્રેજી દૈનિક 'વંદે માતરમ'નું પ્રકાશન પણ કર્યું. 1905ના બંગાળના ભાગલા બાદ થયેલા ક્રાંતિકારી આંદોલન સાથે તેમનું નામ જોડાયું. 1908-09માં અલીપુર બોંબ કાંડમાં તેમનાં પર કેસ ચાલ્યો. કહેવાય છે કે જેલવાસ દરમિયાન તેમને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ અને તેઓ આધ્યાત્મ તરફ આગળ વધ્યા. સ્વામી વિવેકાનંદના ભાષણોની પણ તેમનાં પર અસર પડી અને યોગ પ્રત્યે આસક્તિ થઈ. જેલમાંથી છૂટ્યા બાદ 1910માં ચંદન નગર થઈને પોંડિચેરી જતા રહ્યા. અહીં આવીને પોતાની જાતને જાહેર જીવનથી સંપૂર્ણ અલગ કરીને આધ્યાત્મિક સાધના અને લેખનકાર્યમાં વ્યસ્ત રહ્યા. 5 ડિસેમ્બર, 1950નાં રોજ તેમનું અવસાન થયું. જો કે તેમનાં અંતિમ સંસ્કાર નહોતા કરવામાં આવ્યા. ચાર દિવસ પછી 9 ડિસેમ્બરનાં રોજ તેમને આશ્રમમાં સમાધિ આપવામાં આવી. શ્રી અરવિંદના વિચાર, આદર્શ અને આધ્યાત્મિક ફિલોસોફી આજે પણ પ્રાસંગિક અને અનુકરણીય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 74મા સ્વાતંત્ર્ય દિવસે લાલ કિલ્લા પરથી આઝાદીની લડાઇમાં અગ્રેસર રહેલા અરવિંદ ઘોષના જન્મદિને યાદ કરીને કરીને તેમને શ્રધ્ધાંજલિ આપીને પોતાના ભાષણની શરૂઆત કરી હતી.●

# માનવતા અને પર્યાવરણ માટે સમર્પિત...

**આદર્શોની વાત કરવી સરળ છે, પણ તેનો અમલ કરીને સમાજ સામે દ્રષ્ટાંત ઊભું કરવું સરળ નથી હોતું. દેશમાં અનેક લોકો ફળની આશા રાખ્યા વિના સમાજ સેવા કરી રહ્યા છે, કોવિડ જેવી ગંભીર કટોકટીમાં પણ રાજસ્થાનના કોટાનાં પ્રમિલાસિંહ અનોખું ઉદાહરણ રજૂ કર્યું છે. લોકડાઉન દરમિયાન પ્રમિલાસિંહે અબોલ પશુઓને આશરો આપ્યો અને પોતાની બચતમાંથી તેમના ખાવા-પીવાથી માંડીને સારવાર સુધીની વ્યવસ્થા કરી. બુંદેલખંડના જખની ગામે પણ લોકોને પ્રેરણા મળે તેવું કામ કર્યું છે. અહીંના લોકોની મહેનતથી તળાવ છલોછલ ભરાઈ ગયા છે અને લીલાંછમ ખેતરો આપણને કહી રહ્યા છે કે આપણે પાણી બનાવી તો ના શકીએ, બચાવી તો શકીએ ને....**

## લોકડાઉનમાં અબોલ પશુઓના ભોજન-સારવારની વ્યવસ્થા કરી



કોરોનામાં લોકડાઉન દરમિયાન, લોકો પોતાનાં ઘરોમાં અનાજ-પાણીની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત હતા એ સમયે રાજસ્થાનના કોટામાં રહેતાં મેજર પ્રમિલાસિંહ પિતા શ્યામવીરસિંહ સાથે રસ્તાઓ પર રખડતાં પશુઓ માટે ભોજનની અને સારવારની વ્યવસ્થા કરતાં હતાં. ભારતીય લશ્કરમાં મેજર તરીકે નિવૃત્ત થયેલાં પ્રમિલાસિંહે નિઃસહાય પશુઓને ખવડાવવા અને તેમની સારવાર માટે પોતાની બચતનો ઉપયોગ કર્યો. તેમની આ સેવાની નોંધ લઈને વડાપ્રધાને તેમને પત્ર લખીને પ્રશંસા કરી અને તેમનાં પ્રયાસોને સમાજ માટે પ્રેરણાસ્રોત ગણાવ્યો. વડાપ્રધાને પત્રમાં લખ્યું કે, "છેલ્લાં લગભગ દોઢ વર્ષથી આપણે અભૂતપુર્વ પરિસ્થિતિઓનો મજબૂત રીતે સામનો કર્યો છે. આ એવો ઐતિહાસિક સમય છે જેને લોકો જીવનભર નહીં ભૂલી શકે. આ સ્થિતિમાં નિઃસહાય પશુઓનાં દુઃખ દર્દ અને તેમની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ હોવું અને વ્યક્તિગત રીતે કામ કરવું પ્રશંસનીય છે." આ અગાઉ મેજર પ્રમિલાસિંહે વડાપ્રધાનને પત્ર લખીને જણાવ્યું હતું કે, લોકડાઉન સમયે તેમણે પશુઓની દેખરેખ રાખવાનું કામ શરૂ કર્યું હતું, તે આજે પણ ચાલુ છે.

## બુંદેલખંડના જખની ગામના જાગૃત ખેડૂતોએ 'જલ ગ્રામ' બનાવ્યું



ઉત્તરપ્રદેશના બુંદેલખંડમાં પાણીની અછત મોટી સમસ્યા રહી છે, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જળસંરક્ષણના આહવાનથી જાગૃત થઈને બુંદેલખંડના બાંદા જિલ્લાના જખની ગામના ખેડૂતોએ પોતાના સંયુક્ત પ્રયાસોથી ગામની કાયાપલટ કરી નાખી છે. પાણીથી છલોછલ ભરેલા તળાવો અને હરિયાળા ખેતરોથી ભરેલું ગામ જળ સંરક્ષણના પ્રયાસોને કારણે આજે જલગ્રામના નામે જાણીતું થઈ ગયું છે. ગામનાં તમામ કુવાઓ અને પંપોમાં ભરપૂર પાણી આવી ગયું છે. ખેડૂતોના પ્રયાસોને કારણે ગામમાં હવે 32 કુવાઓ, 25 હેન્ડપમ્પ અને ચાર તળાવ છે, જે પાણીથી સંપૂર્ણ ભરેલા છે. ગામવાસીઓએ સર્વોદય આદર્શ જલ ગ્રામ અભિયાન સમિતિની રચના પણ કરી છે, જે વરસાદી પાણીના સંચય માટે કામ કરે છે. લોકોની દ્રષ્ટિ અને મહેનતને પગલે આ ગામ જળ સંરક્ષણ ક્ષેત્રમાં સમગ્ર જિલ્લામાં મોડલ ગામ બની ગયું છે. જળ સંરક્ષણ અંગે સમાજસેવક ઉમાશંકર પાંડેય કહે છે કે આ એક સામૂહિક પ્રયાસ છે. પાણી બનાવી નથી શકાતું, માત્ર બચાવી શકાય છે. સરકારની ગ્રાન્ટ વગર લોકોએ પોતાના ખેતરમાં પાળા બનાવ્યા, તેનાં પર વૃક્ષો વાવ્યા અને પાણી બચાવવાનો પ્રયાસ કર્યો.●



**Narendra Modi**
सेकेंड वेव के दौरान यूपी ने जिस तरह कोरोना संक्रमण को फैलने से रोका, वह अभूतपूर्व है।

मैं काशी के अपने साथियों का, यहां शासन-प्रशासन से लेकर कोरोना योद्धाओं की संपूर्ण टीम का विशेष रूप से आभारी हूं।

आपने जिस प्रकार काशी में व्यवस्थाएं खड़ी कीं, वह बहुत बड़ी सेवा है।




**रक्षा मंत्री कार्यालय/ RMO I...**
रक्षा मंत्रालय के अंतर्गत, DRDO ने पिछले कुछ समय में काफी काम किया है। इस संगठन ने, सैन्य उपयोग में आने वाले robots, 'NETRA' जैसे application, chest X-ray से Covid detect करने वाले 'Atman AI' जैसे equipment विकसित किए हैं: रक्षा मंत्री



**Amit Shah** @AmitShah ·
पूरे उत्तरपूर्व क्षेत्र में मोदी सरकार तीन चीजों को महत्व देकर आगे बढ़ा रही है-
1) यहां के नृत्य-संगीत, भाषा व संस्कृति को संजोकर रखना
2) उत्तरपूर्व के सभी विवाद समाप्त कर शांतिपूर्ण क्षेत्र बनाना
3) एक विकसित क्षेत्र बनाकर इसे आजादी-पूर्व के GDP में योगदान के स्तर पर वापस लाना।



**Nitin Gadkari**
Chardham Project is one of the key infrastructure project being executed in the state of Uttarakhand.
#PragatiKaHighway






**Dharmendra Pradhan**
As envisaged under the NEP, GoI has taken several steps to remove linguistic barriers in development, improve learning outcomes, make education linguistically-diverse, holistic & multi-disciplinary and also to prioritise Indian languages.#ParliamentQuestion #MonsoonSession



**G Kishan Reddy**
भारत सरकार, भारत को एक समग्र पर्यटन स्थल के रूप में स्थापित कर रही है।
इसके साथ ही स्वदेश दर्शन और प्रसाद योजनाओं के तहत देश में पर्यटन के बुनियादी ढांचे और सुविधाओं के विकास के हेतु राज्यों / केंद्र शासित प्रदेशों / केंद्रीय एजेंसियों को वित्तीय सहायता प्रदान करती है।

# 'खेल रत्न' अब राजीव नहीं, हॉकी के जादूगर के नाम पर

## पीएम का ऐलान, कांग्रेस बोली- जेटली, मोदी स्टेडियम के नाम भी बदलें

■ विशेष संवाददाता, नई दिल्ली

केंद्र ने भारत के सर्वोच्च खेल सम्मान से राजीव गांधी का नाम हटा दिया है। 'राजीव गांधी खेल रत्न अवॉर्ड' को अब हॉकी के जादूगर- मेजर ध्यानचंद के नाम से जाना जाएगा। तोक्यो ओलिंपिक्स में भारतीय पुरुष और महिला टीमों के शानदार प्रदर्शन को देखते हुए प्रधानमंत्री मोदी ने शुक्रवार सुबह ट्वीट कर यह जानकारी दी। उन्होंने लिखा, 'हमें देशवासियों से ऐसे अनुरोध मिल रहे हैं। उनकी भावनाओं का सम्मान करते हुए खेल रत्न पुरस्कार को अब 'मेजर ध्यानचंद खेल रत्न' पुरस्कार

Agency



### ब्रॉन्ज से चूकीं लड़कियां, मोदी ने बंधाया ढाढस

भारतीय महिला हॉकी टीम शुक्रवार को ब्रॉन्ज से चूक गई। ब्रिटेन से 4-3 से मात के बाद भारत का महिला हॉकी में पहला ओलिंपिक्स मेडल का सपना टूट गया। पीएम ने टीम को फोन किया। खिलाड़ियों के रोने की आवाज

# राष्ट्रपति व प्रधानमंत्री ने करगिल शहीदों को दी श्रद्धांजलि

द्रास/नई दिल्ली, 26 जुलाई (भाषा)।

करगिल विजय दिवस की 22वीं वर्षगांठ पर राष्ट्रपति रामनाथ कोविंद और प्रधानमंत्री नरेंद्र मोदी सहित पूरे देश ने युद्ध के शहीदों को श्रद्धांजलि अर्पित की। राष्ट्रपति ने कहा कि 1999 के युद्ध में शहीदों ने अदम्य साहस, वीरता और असाधारण बलिदान का परिचय दिया, वहीं प्रधानमंत्री ने कहा कि उनकी बहादुरी हमारे लिए प्रतिदिन प्रेरणादायक है। जम्मू कश्मीर के बारामूला जिले में डैगर युद्ध स्मारक पहुंचे कोविंद ने कहा कि यह स्मारक देश की रक्षा और सुरक्षा के लिए प्राण न्योछावर करने वाले सैनिकों के प्रति असीम सम्मान का प्रतीक है। कोविंद का करगिल विजय दिवस की 22वीं वर्षगांठ पर शहीदों को श्रद्धांजलि देने के लिए सोमवार को लद्दाख के द्रास में युद्ध स्मारक जाने का कार्यक्रम था लेकिन खराब मौसम के चलते उनका यह दौरा रद्द कर दिया गया। उन्होंने बारामूला में करगिल विजय दिवस के मौके पर शहीदों को श्रद्धांजलि अर्पित की।

राष्ट्रपति ने डैगर युद्ध स्मारक में आगंतुक पुस्तिका में अपने संदेश में कहा,' देश 19वीं इंफेन्ट्री डिवीजन के सैनिकों और अधिकारियों को सलाम करता है, जो हमारे अग्रिम मोर्चे के सैनिकों के तौर पर विपरीत मौसमी स्थितियों में हमारी सीमाओं की रक्षा करते हैं। उन्होंने अदम्य साहस, वीरता और बलिदान का परिचय दिया।' उन्होंने लिखा,' डैगर युद्ध स्मारक देश की रक्षा और सुरक्षा के लिए प्राण न्योछावर करने वाले सैनिकों के प्रति असीम सम्मान का प्रतीक है। मुझे विश्वास है कि यह स्मारक भारत के लोगों को भारतीय सेना के उच्च मूल्यों के बारे में शिक्षा देगा और उन्हें प्रेरणा देगा। जय हिंद' प्रधानमंत्री नरेंद्र मोदी ने भी सोमवार को करगिल विजय दिवस की 22वीं वर्षगांठ पर पाकिस्तान के साथ हुए इस युद्ध के शहीदों को याद किया और कहा कि उनकी बहादुरी हर दिन देशवासियों को प्रेरित करती है।

उन्होंने ट्वीट किया, 'हम उनके बलिदान को याद करते हैं। हम उनकी बहादुरी को याद करते हैं। आज करगिल विजय दिवस के अवसर पर हम उन सभी को श्रद्धांजलि अर्पित करते हैं, जिन्होंने देश की रक्षा करते हुए करगिल में अपने आप को न्योछावर कर दिया। उनकी बहादुरी हमें हर दिन प्रेरणा देती है।' करगिल विजय दिवस 1999 के करगिल युद्ध में 'ऑपरेशन विजय' के तहत भारत की पाकिस्तान पर ऐतिहासिक जीत के उपलक्ष में मनाया जाता है। उपराष्ट्रपति वेंकैया नायडू ने सोमवार को करगिल विजय दिवस पर 1999 में हुए युद्ध के शहीदों को श्रद्धांजलि दी। उन्होंने ट्वीट किया, 'आज करगिल विजय दिवस पर उस विजय अभियान में वीरगति प्राप्त करने वाले अमर शहीद सैनिकों के प्रति कृतज्ञ श्रद्धांजलि अर्पित करता हूं।

# चांदी लेकर आई चानू का भव्य स्वागत



टोक्यो ओलंपिक में रजत पदक जीतकर इतिहास रचने वाली भारतीय भारोत्तोलक मीराबाई चानू सोमवार को स्वदेश लौट आईं। नई दिल्ली के इंदिरा गांधी अंतरराष्ट्रीय एयरपोर्ट पर उनका भव्य स्वागत हुआ।

### भवानी ने इतिहास रचा फिर भी कहा-सॉरी

**पीएम बोले-देश को आप पर नाज**

भारतीय तलवारबाज भवानी देवी ओलंपिक में मैच जीतने वाली पहली भारतीय बनीं। उन्होंने ट्यूनीशिया की नादिया को छह मिनट 14 सेकंड में हरा दिया, लेकिन दूसरे मुकाबले में दुनिया की नंबर तीन फ्रांस की खिलाड़ी ब्रुनेट से हार गईं। इतिहास रचने के बावजूद उन्हें मलाल है।



उन्होंने सोशल मीडिया पर कहा, मैंने भरसक कोशिश की, पर जीत नहीं सकी, सॉरी।

■ पीएम नरेंद्र मोदी ने भवानी का हौसला बढ़ाया। उन्होंने रिट्वीट किया-आपने अपना सर्वश्रेष्ठ दिया, यही मायने रखता है। जीत-हार जिंदगी का हिस्सा है। देश को आप पर नाज है। आप देशवासियों के लिए प्रेरणा हैं।

# PM मोदी बोले- लोग त्योहारों के समय कोरोना के प्रोटोकॉल ना भूलें



■ भाषा, नई दिल्ली

प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को एक

**पीएम ने रविवार को मन की बात कार्यक्रम में लोगों को दी सलाह**

# पीएम की अपील, 'राष्ट्र प्रथम, सदैव प्रथम' के मंत्र से बढ़ना होगा आगे

## कहा, 'भारत छोड़ो आंदोलन' की तरह हर देशवासी करे 'भारत जोड़ो आंदोलन' का नेतृत्व

**मन की बात**

- मतभेदों को भुलाकर विकास के लिए एकजुट होने की बताई जरूरत
- सामूहिक राष्ट्रगान से होगा आजादी के 75वें साल का स्वागत
- संस्कृति मंत्रालय की वेबसाइट पर रिकार्ड कर सकेंगे राष्ट्रगान



**करगिल के नायकों को दें सलामी**

**अपना 'विक्ट्री पंच' साझा करें**

RNI No. :
DELGUJ/2020/78810
16-31 AUGUST, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date August 7, 2021, Pages - 40)



# ભારત રત્નથી સન્માનિત ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની પૂણ્યતિથીએ
# રાષ્ટ્રનું નમન



25 ડિસેમ્બર, 1924- 16 ઓગસ્ટ, 2018

बाधाएं आती हैं आएं
घिरें प्रलय की घोर घटाएं,
पांवों के नीचे अंगारे,
सिर पर बरसें यदि ज्वालाएं,
निज हाथों से हंसते-हंसते,
आग लगाकर जलना होगा।
कदम मिलाकर चलना होगा।
हास्य-रुदन में, तूफानों में,
अमर असंख्यक बलिदानों में,
उद्यानों में, वीरानों में,
अपमानों में, सम्मानों में,
उन्नत मस्तक, उभरा सीना,
पीड़ाओं में पलना होगा!
कदम मिलाकर चलना होगा।

अटलबिहारी वाजपेयी

"

**21મી સદીના સશક્ત, સુરક્ષિત ભારત માટે અટલજીએ જે કર્યું તે અભૂતપુર્વ છે. તેમનાં માટે રાષ્ટ્ર સર્વોપરી હતું. બાકી બધુ ગૌણ હતું. માત્ર એક જ તાકાત તેમની અંદર કામ કરતી હતી- 'દેશ પ્રથમ'ની જીદ. નવા ભારતનો આ જ સંકલ્પ, આ જ ભાવના સાથે હું મારા અને 130 કરોડ દેશવાસીઓની તરફથી અટલજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું, તેમને નમન કરું છું.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

Editor
Jaideep Bhatnagar, Principal Director General, Press Information Bureau, New Delhi

Published & Printed by: Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from Bureau of Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020